સત્યમ શિવમ્ સુંદરમ્

AMRELI EXPRESS DAILY

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦

તા. ૨૦/૦૮/૨૦૨૪, મંગળવાર

ફોન : ૨૨૮૪૨૨

www.amreliexpress.com

R.N.I.NO.GUJGUJ/2001/11803

Postal Reg.No. AMR/217/2024-26

E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ શ્રાવણ વદ-૧ વર્ષ : ૧૫ અંક : ૨૧૨


**સુવિચાર**

જે પતિ-પત્નીનું જીવન સેવાવૃત્તિ વાળું હોય તે વૃધ્ધ માતા-પિતાનાં સૂર્યાસ્ત સમયમાં અજવાળુ પાથરી શકે છે.


:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)

માણેકપરા, અમરેલી.

ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ

શિવ ફરસાણ (ધારીવાળા)

નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ફ્રી સારવાર / શ્રેષ્ઠ સારવાર

...ફ્રી સારવાર...

નીચે મુજબના રોગો માટે દાખલ દર્દીઓની ફ્રી સારવાર સુવિધા..

- હૃદય રોગ, બીપી,ડાયાબિટીસ
- શ્વાસ દમ, ન્યુમોનિયા
- પેરાલીસીસ (પક્ષઘાત) ખેંચ, આંચકી
- ઝાડા-ઉલ્ટી, કમળો, પેટના રોગ
- દરેક પ્રકારના તાવ,મેલેરિયા, ડેન્ગ્યુ, ટાઈફોઈડ, વાયરસ
- કિડની, લીવર, આંતરડાના રોગો
- ડાયાલિસિસ વગેરે દર્દીઓની ફ્રી સારવાર સુવિધા

... ઉપલબ્ધ યોજના...

- કેશલેસ મેડીક્લેમ સુવિધા
- આયુષ્યમાન ભારત યોજના
- જી.એસ.આર.ટી.સી. (એસ.ટી.)માન્ય હોસ્પિટલ

નવજીવન જનરલ હોસ્પિટલ

કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી

ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦


## રાધેશ્યામ હોટેલથી નાના માચીયાળા સુધીનો બાયપાસ બનાવવાનું નક્કી

# અમરેલીની ભાગોળે ''રિંગ રોડ'' બાયપાસ બનશે

- રાજકોટ, અમદાવાદ જેવા મહાનગરોની ફરતે જે રીતે રિંગ રોડ છે તેવો જ રોડ અમરેલી ફરતે થશે
- જિલ્લાનાં અન્ય શહેરોમાંથી અમરેલી સિવાયનાં શહેરમાં જવા માટે વાહનચાલકોને શહેરમાં પ્રવેશવું નહી પડે
- અધુરા રિંગ રોડને પૂર્ણ કરવા માટે જમીન સંપાદન સહિતની કામગીરી ટૂંક સમયમાં શરૂ
- આગામી ૧૦ વર્ષમાં નવું એરપોર્ટ, સ્પોર્ટસ સંકુલ સહિતની અનેક સુવિધાઓ મળતી થશે




પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૧૯

અમરેલીનાં પનોતાપુત્ર અને રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી સ્વ. ડો. જીવરાજ મહેતાનાં સ્વપ્નસમી અમરવલ્લી અમરેલી આગામી એક દાયકામાં વિકાસની હરણફાળ ભરશે. જિલ્લામાં કરોડો રૂપિયાનાં ખર્ચે વિકાસ કાર્યોની રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે.

અનુસંધાન પાના ૬ ઉપર

## ૧૭૮૧૨.૭૭ લાખ ડિપોઝીટ અને રૂપિયા ૧૧૩૫૪.૮૦ લાખ ધિરાણ

# અમરેલી નાગરિક સહકારી બેન્ક લી.ની ૬૦મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

## સભાસદોને મહત્તમ ૧૫% ડિવીડન્ડ જાહેર : ભેટ વિતરણ થયું







અમરેલી, તા. ૧૯

અમરેલી ખાતે આવેલ અમરેલી નાગરિક સહકારી બેંક લી. ની ૬૦ મી વાર્ષિક સાધારણસભા અત્રેના માર્કેટ યાર્ડ ખાતે આવેલ હોટેલ એન્જલ ખાતે સભાસદોની વિશાળ હાજરીમાં યોજાય હતી. જેમાં બેંકના ડિરેકટર પી.પી. સોજીત્રાએ જણાવેલ કે, ગત તા. ૩૧/૩ ના રોજ બેંકમાં થાપણ રૂપિયા ૧૭૮૧૨.૭૭ લાખ થવા પામેલ છે, જયારે ધિરાણ ૧૧૩૫૪.૮૦ લાખ થયેલ છે. તેમજ ચાલુ વર્ષે બેંકે ઈન્કમટેક્ષ પ્રોવીઝન પહેલાનો નફો ૩૩૬.૧૬ લાખ કરેલ છે. બેંકે રીકવરી ઉપર પુરતું ધ્યાન આપી બેંકની નફાની પરિસ્થિતિ જાળવી રાખી છે. આ બેંકે તમામ ક્ષેત્ર પર પ્રગતિ કરેલ છે. બેંકનું ધ્યેય ગ્રાહકને ઉત્તમ સેવાનું રહ્યું છે. બેંક દ્વારા દર ૫ વર્ષની માફક આ વર્ષે પણ સભાસદોને મહત્તમ ૧૫% ડિવીડન્ડ જાહેર કરવામાં આવેલ છે. અમરેલી નાગરિક સહકારી

અનુસંધાન પાના ૬ ઉપર

## બાબરા : નીલકંઠ મહાદેવને વીરભદ્ર રૂદ્ર અવતારનો શૃંગાર




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં શ્રી નીલકંઠ મહાદેવ પંચકુંડ પવિત્ર શ્રાવણ માસનાં ત્રીજા સોમવારે શ્રી નીલકંઠ મહાદેવને વિરભદ્ર રૂદ્ર અવતારનો શૃંગાર કરાયો. મહાદેવને વિરભદ્રનો અનુપમ શણગાર મંદિરનાં મહંત શ્રી ભાવેશગીરી બાપુ ધ્વારા કરવામાં આવ્યો હતો. જેના દર્શનનો લાભ ભાવિકોએ મેળવી ધન્યતા અનુભવી હતી.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

63,990/- (૧૦ ગ્રામ)

રહેલ તા.૧૯/૦૮/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો 95558 11166

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,

કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર

દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...

ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)

Diploma in Gynec Endoscopy (FRANCE)

ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી, પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી, ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન, વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત, લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા

ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) (નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)

ઉપલબ્ધ સુવિધાઓ : - રસીકરણ કેન્દ્ર, નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU, આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર, જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર

ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮

જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

(02792) 221324

LG

FREEDOM OFFERS*

26 CASHBACK ₹26000

3 YEAR WARRANTY

FIXED EMI ₹1999*

LG FREEDOM CARNIVAL 02nd - 15th August

LG BEST SHOP

મુકુંદરાય એન્ડ બ્રધર્સ

કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77

# ટ્રાફિક પોલીસ દ્વારા રક્ષાબંધનની ટ્રાફિક જાગૃતિ અર્થે પત્રિકા વિતરણ દ્વારા ઉજવણી






માત્ર ગુજરાત રાજયમાં જ નહીં, પરંતુ સમગ્ર દેશભરમાં અકસ્માતના કારણે અનેક લોકોના મોત થાય છે. તેમ છતાં ટ્રાફિકના નિયમોની અવગણના કરીને લોકો દ્વારા હજુ પણ ટ્રાફિકના નિયમોનો ભંગ કરવામાં આવે છે. પરિણામે ગંભીર અને પ્રાણઘાતક વાહન અકસ્માતો બનવા પામે છે. અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાં વાહન અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા અસરકારક કામગીરી કરવા સુચના અને માર્ગદર્શન આપવામાં આવેલ. અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા આજે રક્ષાબંધનના તહેવાર નિમિત્તે લોકોમાં ટ્રાફિક અંગે જાગૃતિ આવે અને લોકો ટ્રાફિકના નિયમોનું પાલન કરે તે માટે સ્પેશ્યલ ડ્રાઈવ રાખવામાં આવેલ હતી. આ ડ્રાઈવ દરમ્યાન હેલમેટ અને સીટબેલ્ટ વગર વાહન ચલાવી રહેલ તથા ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા મળી આવેલ વાહન ચાલકોને મહિલા પોલીસની બહેનો તથા ટી.આર.બી. બહેનો દ્વારા રાખડી બાંધી, તેમની સુરક્ષાની મંગલ કામના કરી, હવેથી ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરશે તેવું વચન લેવામાં આવેલ હતું અને જે વાહનચાલકોએ હેલમેટ અને સીટબેલ્ટ પહેરેલ તેમને પણ રાખડી બાંધી, તેમની ટ્રાફિક અવેરનેસને બિરદાવવામાં આવેલ હતી અને વાહન ચાલકોને ટ્રાફિક જાગૃતિ અંગેની પત્રિકાઓનું વિતરણ કરવામાં આવેલ હતું.

### સાંસદ ભરત સુતરીયાની ઉપસ્થિતિમાં

## ધારી : ભોજલરામ મિત્ર મંડળ દ્વારા ૧૭મો સારસ્વત સત્કાર સમારોહ યોજાયો

### વિશિષ્ટ પ્રતિભા, નિવૃત્તિ સન્માન, દાતાઓનું સન્માન પણ કરાયું




અમરેલી, તા. ૧૯

ધારી તાલુકાનાં ભોજલરામ મિત્ર મંડળ દ્વારા અભ્યાસ કરતાં સમાજના વિદ્યાર્થીઓનો ૧૭મો સરસ્વતી સત્કાર સમારોહ વિશિષ્ટ પ્રતિભા, નિવૃતિ સન્માન, દાતાઓનો સન્માન સમારોહમાન સંસદસભ્ય ભરતભાઈ સુતરીયાની અધ્યક્ષતામાં તથા ધારાસભ્ય જે.વી.કાકડિયા, ચતુરભાઈ ચોડવડીયા મથુરભાઈ કોટડીયા, ધરમશીભાઈ બવાસીયા, કલ્પેશભાઈ કોઠીયા, ધ્રુવભાઈ તોગડીયા, વિનુભાઈ ભુવાઘ, મયુરભાઈ કોઠીયા, નટુભાઈ ચોડવડીયા, રામજીભાઈ હિરપરા, રમેશભાઈ ચોડવડીયા, વિપુલભાઈ માલાણી તથા પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવા અને નલીનભાઈ કોટડીયાની પ્રેરક ઉપસ્થિતિમાં પટેલ વાડી ધારી ખાતે તારીખ ૧૮/૮/૨૦૨૪ ને રવિવારનાં રોજ યોજાયો. કાર્યક્રમના પ્રારંભે પ્રવિણભાઈ કસવાળાએ ઉપસ્થિત સૌનું શબ્દોથી સ્વાગત કર્યુ હતું. કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓ, વિશિષ્ટ પ્રતિભાઓ, નિવૃત કર્મચારીઓ, વિવિધ ક્ષેત્રમાં ફરજ બજાવતા કર્મચારીઓ, દાતાઓનું સન્માન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, જીલ્લા પંચાયતના સદસ્ય શ્રીમતી કમળાબેન ખોડાભાઈ ભુવા, પારૂલબેન દોંગા, તાલુકા પંચાયતના પ્રમુખ કીરણબેન હિરપરા હાજર રહ્યા હતાં. ખોડાભાઈ ભુવા ડો. વાડદોરીયા, ડો. ગોંડલીયા તેમજ પટેલ સમાજના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સુંદર અને સફળ સંચાલન ભરતભાઈ બાવીશી દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમને સફળ બનાવવા રસિકભાઈ સખરેલીયા, મનસુખભાઈ રામાણી, સંજયભાઈ આંસોદરિયા, મુકેશભાઈ વિરડીયા, સુરેશભાઈ સભાયા, રમેશભાઈ અંટાળા, આશિષભાઈ તેજાણી, લલીતભાઈ દેસાઈ, રમેશભાઈ ભુવા, રોહિતભાઈ માળવિયા, વિજયભાઈ કોરાટ, સુરેશભાઈ દેસાઈ, જયસુખભાઈ હરખાણી કમલેશભાઈ ધડુક, નરેનભાઈ શિંગાળા, રમેશભાઈ સાંગાણી, કિશોરભાઈ સતાસિયા, હાર્દિક દેસાઈ, સુરેશભાઈ અંટાળા, વિશાલભાઈ ઠુંમર, તુલસીભાઈ ધાનાણી મુકેશભાઈએ રાદડિયાએ જહેમત ઉઠાવેલ.

## ખાંભા : બહેનોએ સરહદની સુરક્ષા કરનાર જવાનોને રાખડી મોકલી



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૧૯

દેશની સરહદ ઉપર પોતાના પરિવારને છોડીને ફરજ બજાવતા અને દેશનું તથા આપણા સૌનું રક્ષણ કરતા ફૌજી જવાનો માટે રક્ષાબંધનના પર્વ નિમિતે સમુદ્રષ્ટિ સંગઠન પરિવાર અમરેલી જીલ્લા મહિલા મોરચાના સચિવ કલાબેન રાવળ તથા ક્ષમાબેન આર. હરિયાણી તેમજ દર્શીતા બેન પંડયા સહિતની બહેનો દ્વારા ખાંભા શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી બહેનો તરફથી આવેલ રાખડી એકત્ર કરી ખાંભાનું ગૌરવ એવા ફૌજી જવાનો દિગ્વિજયસિંહ ઈન્દ્રસિંહ રાઠોડ, નાગરાજ સિંહ જગતસિંહ રાઠોડ, પૃથ્વીરાજસિંહ ગોહિલ, રાઠોડ સાગરભાઈ ભગવાનભાઈ સહિતના ફૌજી જીવનને કુમ કુમ તિલક કરી દેશની સરહદ ઉપર ફરજ બજાવતા ફૌજી જવાન માટે ૧૦૦ જેટલી રાખડીનું એક કવર અર્પણ કરેલ ફોજી જવાનું માટે મોકલાવવામાં આવી છે આ તકે એડવોકેટ રાજુભાઈ હરિયાણી કાળુભાઈ નિમ્બાક સહિતના મિત્ર ઉપસ્થિત રહ્યા હતાં.

## ટીંબી : નિર્દોષાનંદજી હોસ્પિટલને રૂપિયા ૧ લાખનું અનુદાન કરાયું



ટીંબી, તા. ૧૯

ઢસા જંકશન મુકામે ગઢડા તાલુકા સમસ્ત બ્રહમ સમાજ પરિવાર ઉત્કર્ષ ટ્રસ્ટ આયોજીત સ્નેહ–મિલન અને ઈનામ વિતરણ પ્રસંગે સાદગીભર્યુ અને સરળ જીવન નિર્વાહકર્તા ભગવત ભકત હોસ્પિટલનાં નિઃશુલ્ક સેવાકાર્યથી પ્રભાવિત એવા આ ટ્રસ્ટનાં પ્રમુખ જગદિશભાઈ ડીરાવળ (દંપતી) દ્વારા વ્યકિતગત રીતે રૂપિયા એકલાખ પુરાનાં અનુદાનનો ચેક દર્દીનારાયણનાં લાભાર્થે હોસ્પિટલનાં ઉપપ્રમુખ બી.એલ. રાજપરાને અર્પણ કરેલ છે. તેઓનું હોસ્પિટલનાં સન્માનિત કરવામાં આવેલ.

આ પ્રસંગે પ્રસિધ્ધ રામાયણ કથાકાર રામકૃષ્ણ શાસ્ત્રીજી – કુંઢેલી, નિ.ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ પરિક્ષીત ઠાકર સાહેબ, ઘનશ્યામભાઈ વિરાણી, વકિલ સંજયભાઈ ઠાકર ઉપરાંત સમસ્ત ગઢડા તાલુકા બ્રહમ સમાજ પરિવારો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

હોસ્પિટલ ટ્રસ્ટીમંડળે દાતા તથા તેમનાં પરીવારજનોનો હદયપૂર્વકનો આભાર વ્યકત કરેલ છે.

''પૂ. ગુરૂદેવ તેમને સુખ, સમૃધ્ધિ અને લાંબુ આયુષ્ય પ્રદાન કરે તેવી પ્રાર્થના.''

## અમરેલીનાં એસ.ટી. વિભાગમાં એપ્રેન્ટીસ માટે ભરતી કરાશે

અમરેલી, તા. ૧૯

અમરેલી વિભાગ હેઠળના વિભાગીય મંત્રાલય, અમરેલી, સાવરકુંડલા બગસરા, ધારી, રાજુલા, ઉના, કોડીનાર ડેપો ખાતે એપ્રેન્ટીસ એકટ ૧૯૬૧ અન્વયે ઓગષ્ટ / ઓકટોબર – ૨૦૨૪ના ભરતી સત્ર માટે એપ્રેન્ટીસની ખાલી જગ્યાઓ ભરવાની છે. મીકેનીક સાઈડનાં ટ્રેડોમાં ધોરણ ૧૦ પાસ ફરજીયાત તથા આઈ.ટી.આઈના. ડીઝલ મીકેનીક / એમ.એમ.વી. / ઈલેકટ્રીશયન / ફીટર / વેલ્ડર ટ્રેડમાં આઈ.ટી.આઈ. પાસ તથા વહીવટ સાઈડે કોપા ટ્રેડમાં ધોરણ ૧૨ પાસ ફરજીયાત તેમજ કોપા ટ્રડમાં આઈ.ટી.આઈ. પાસ ઉમેદવારોની એપ્રેન્ટીસ તરીકે ભરતી કરવાની થાય છે. જેના માટે તા. ૨૦/૮/૨૦૨૪ થી તા. ૧૮/૯/૨૦૨૪ સુધીમાં કચેરીનાં ચાલુ કામકાજના દિવસો દરમ્યાન અરજીપત્રક વિભાગીય કચેરી,લાઠી રોડ અમરેલી ખાતેથી ફકત રૂબરૂમાં રૂ. ૫ /– ની કિંમતે ૧૧–૦૦ થી ૧૪–૦૦ કલાક સુધીમાં મેળવી લેવાના રહેશે તથા તા. ૧૯/૯/૨૦૨૪ના રોજ સાંજના ૧૬–૦૦ કલાક સુધી ભરાયેલ અરજીપત્રકો સ્વિકારવામાં આવશે, ત્યારબાદ અરજીપત્રકો સ્વિકારવામાં આવશે નહીં, જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી અને આ માટે વધુ માહિતી મેળવવા વિભાગીય નિયમાકની કચેરી, અમરેલી ખાતે રૂબરૂ સંપર્ક સાધવો.

વધુમાં સદર ભરતીમાં અરજી કરનાર ચ્છુક ઉમેદવારોએ દર્શાવેલ વેબસાઈટ https://www apprenticeshipindia. gov.in/ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત કરવાનું રહેશે, તેમજ પ્રોફાઈલમાં (૧) સ્કુલ લીવીંગ (S.L.C) પ્રમાણપત્ર તથા (૨) આધારકાર્ડ ડોકયુમેન્ટ (ફરજીયાત) અપલોડ કરવાનું રહેશે. જે ઉમેદવારો દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં નહી આવેલ હોય તેવા ઉમેદવારોના ફોર્મ રદ / કમી પાત્ર ગણાશે. જેની તમામે ખાસ નોંધ લેવી.

### શ્રી વિવેકાનંદ વિદ્યાલય ખાતે

## બાબરા ખાતે નગરપાલિકા દ્વારા ૭૮માં સ્વાતંત્રય દિનની ઉજવણી કરાઈ

### પાલિકા પ્રમુખનાં વરદ્‌હસ્તે ધ્વજવંદન કરાયુ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૧૯

બાબરામાં નગરપાલિકા દ્વારા શ્રી વિવેકાનંદ વિદ્યાલય ખાતે ૭૮માં સ્વતંત્રતા પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અહીં સવારે ૯ કલાકે નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકરના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું અને તિરંગા ને સલામી આપવામાં આવી હતી બાબરાના હોમગાર્ડ યુનિટ દ્વારા પરેડ કરવામાં આવી હતી તેમજ શહેર શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર દ્વારા શહેરના નાગરિકો ને દેશના ૭૮માં સ્વતંત્રતા પર્વ ની શુભેચ્છાઓ પાઠવી પોતાના પ્રજા જોગ સંદેશમાં શહેર ના સર્વાંગી વિકાસ માટે નગરપાલિકા કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છતા અભિયાન ને વેગ આપવા શહેર ના લોકો સ્વચ્છતા જાળવી રાખે આપણું બાબરા ક્લીન બાબરા ના સૂત્ર ને સાર્થક કરે પાલિકા પ્રમુખ દ્વારા લોકોને પાણી બચાવવા અનુરોધ કરી પર્યાવરણમાં પણ લોકો વધુમાં વધુ વૃક્ષો નું વાવેતર કરી તેનું જતન અને ઉછેર કરે તેવી હાકલ કરી હતી.

આ કાર્યક્રમમાં નગર પાલિકા ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયા, ભુપતભાઈ બસિયા, પૂર્વ નાયબ મામલતદાર પી. એલ. મારૂ, બાવકુભાઈ બસિયા, મહેશભાઈ ચૌહાણ, નરેશભાઈ માઢ,સહિત નગરપાલિકા સભ્યો, સ્થાનિક અગ્રણીઓ અને પાલિકા કર્મચારીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિવેકાનંદ વિદ્યાલયના આચાર્ય પ્રકાશભાઈ ચેતન્યસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ક્રાંકચ ખાતે ૭૮ માં સ્વાતંત્ર પર્વની ઉજવણી કરાઈ



લીલીયા, તા. ૧૯

લીલીયા તાલુકાના ક્રાંકચ ખાતે ૧૫મી ઓગસ્ટ ૭૮ માં સ્વાતંત્ર પર્વની ઉજવણી ગામનાં સરપંચ કંચનબેન દુધાતની ઉપસ્થિતિ માં કરવામાં આવેલ જેમાં અલગ અલગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવેલ ત્યારે ક્રાકચ ના આંગણવાડી કેન્દ્ર નંબર ૪ ના ૪ વર્ષના બાળક ધર્મરાજ શિવરાજભાઈ ડાવેરા એ દેશના રાષ્ટ્રીય પ્રતીકો વિશે સ્પીચ આપી સમગ્ર કાર્યક્રમ દરમિયાન લોકોનું ધ્યાન કેન્દ્રિત કરેલ ખૂબ જ નાની ઉંમરના બાળક દ્વારા પીચ અપાતા લોકો મંત્રમુગ્ધ થઈ ગયેલ આ બાળક દ્વારા કેન્દ્ર નંબર ૪ ના અસ્મિતાબેન વેગડા તેમજ સમગ્ર ક્રાંકચ ગામનું ગેરવ વધારેલ આતકે સરપંચ કંચનબેન દુધાત, ક્રાંકચ માદયમિક શાળાના આચાર્ય માઝરીયા, તાલુકા પંચાયત સદસ્ય જયસુખભાઈ સુરાણી, ચતુરભાઈ કાકડીયા, જયેન્દ્રભાઈ સહિત ના લોકો સ્કૂલ ના શિક્ષકો વિદ્યાર્થી ઓ ગ્રામજનો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદીમાં જણાવેલ છે.

# અમરેલી : ગજેરા કેમ્પસમાં વિદ્યાર્થી ભાઈઓ–બહેનો દ્વારા હર્ષોલ્લાસ સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી






શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ તેમજ જ્ઞાનશકિત જીલ્લા કક્ષા સ્પોર્ટ સ્કૂલ તમામ શાળાઓમાં રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવે જેમાં બહેનોએ ભાઈઓની સફળતા અને રક્ષા માટે રાખડી બાંધી લાંબા આયુષ્યની પ્રાર્થના કરી હતી. કાર્યક્રમમાં સરસ્વતી માતાની પૂજા કરી ભાઈઓએ કુમકુમ તિલક સાથે રાખડી બાંધવામાં આવેલ હતી. રક્ષાબંધનપર્વ ભાઈ બહેનના પ્રેમ અને સંસ્કારની સૌરભ જેની ઉજવણીમાં મહેકતી જોવા મળે છે એવા પવિત્ર દિવી ભાઈ બહેનના હેત વધે તે ખૂબ જરૂરી છે. રક્ષાબંધન પર્વમાં જ્ઞાન શકિત સ્કૂલના બહેનોએ ૨૦ ફૂટ લાંબી રાખડી જાતે બનાવી ઉજવણી કરી હતી. જે આકર્ષણનું કેન્દ્ર બની હતી સંસ્કૃતિ પરિષદના પ્રમુખ સંયોજકઓ પણ આ તહેવાર ઉજવણીમાં જોડાયા હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીના માર્ગદર્શન મુજબ તમામ શૈક્ષણિક સ્ટાફ દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી જે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા અને મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણીએ અભિનંદન પાઠવી તમામ સ્ટાફ સ્ટુડન્ટસને રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવેલ હતી.

# અમરાપુર :બી.જે. દોશી હાઈસ્કૂલનાં શિક્ષક નિવૃત્ત થતા વિદાય સમારંભ યોજાયો




તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

અમરાપુરની બી.જે. હાઈસ્કૂલ ખાતે ૧૫ ઓગષ્ટના સ્વાતંત્ર્ય દિવસે ત્રીવિધ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આ સંસ્થાનાં શિક્ષક જી.એચ.સાધુ વય મયાર્દાના કારણે નિવૃત થતા તેને કેળવણી મંડળ દ્વારા ભવ્ય જાજરમાન વિદાયની કાર્યક્રમ તેમજ સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણીસાથે પ્રતીભાબેનએ બાળકીને પ્રોત્સાહીત કરીને ઈનામ વીતરણ બી.જે.હાઈસ્કૂલના પટગણમાંયોજાયો હતો.જેમાં નિવૃત થતા શિક્ષકજી.એચ. સાધુ ફરજ, નીષ્ઠા અને કુશળતાને સ્મૃતિમાંસંસ્થાદ્વારારૂ.૨૫૦૦૦નોચેક તેમજ સીલ્ડ સન્માન પત્ર તેમજ પરંપરાગત રીવાજ મુજબ વિદાય આપીને સન્માનીત કર્યા હતા. જયારે નિવૃતથતાશિક્ષકસાધુએપણસંસ્થાને કદર કરીને સંસ્થાને રૂ.૨૧૦૦૦નું અનુદાનઆપીનેપોતાનુંૠણઅદાકર્યુ હતુ. આ પ્રસંગે ખાસ મુંબઈથી અમરાપુર કેળવણી મંડળના પ્રમુખ કમલેશભાઈ દોશી તેમજ ઉદ્યોગપતિ ભરતભાઈ દોશીખાસઉપસ્થિત રહ્યા હતા. જયારે સંસ્થાના આચાર્ય અને નીયામકતથાસ્ટાફપરીવાર તેમજસાધુ અંગત મિત્રી શિક્ષકગણ તેમજ પરિવારની હાજરીમાં જાજરમાન વિદાયસન્માનસમારોહયોજાયો હતો. આ પ્રસંગે ગામના તમામ આગેવાનો, વડીલો અને વાલીઓ તેમજ બાળકીએ બપોરનું ભોજન સાથે લઈને ભવ્ય વિદાય સમારંભમાં સદભાગી બનીને નિવૃતથતાશિક્ષકસાધુને તેમની નિવૃત બાદસદાય નિરોગી અને લાંબુ આયુષ્ય ભોગવે તેવીશુભકામનાઓસાથે ભેટ મોમેન્ટ સીલ્ડ અને સન્માન પત્ર આપવામાં આવ્યા હતા. આમ ૧૫ ઓગષ્ટના પવિત્ર દિવસે ત્રિવીધ કાર્યક્રમ યોજાયો હતો.

### રેલ્વે સેવકોની સતર્કતાથી સંભવિત અકસ્માત અટકયો

## રાજુલા : ધાતરવડી નદી નજીકનાં રેલ્વે ટ્રેક પર ૨ સિંહોને બચાવી લેવાયા

### રેલ્વે સેવકોએ બેટન લાઈટ બતાવી ટ્રેન રોકાવી દીધી



અમરેલી, તા. ૧૯

પીપાવાવથી રાજુલા તરફ આજેવહેલીસવારે ૫–૨૫નાસમયેટ્રેન પસાર થતી હતી. ત્યારે ધાતરવડી નદી પાસેઆવેલ૧૬ નંબર ફાટકથીરેલ્વેટ્રેક પરથીબેસિંહ નરરેલ્વેટ્રેકઉપર દાખલ થયેલ હતાં. ત્યારે રેલ્વે સેવકોની સતર્કતાના કારણે પીપાવાવથી રાજુલા તરફજતીટ્રેનરેલ્વેસેવકોએબેટનલાઈટ બતાવી ટ્રેન રોકાવી દીધેલ હતી. ત્યારબાદબંનેવન્યપ્રાણીસિંહસ્ટોનનં. ૨૧તરફગયેલહતાં.જેમાંથીએકસિંહને ૨૧/૩ પાસે ના ૪૭ નંબર ના નાળા ના ફેન્સિંગના દરવાજા ખોલી અને ટોરન્ટ બાજુસુરક્ષિતખસેડવામાંઆવેલહતો. જયારે અન્ય એક સિંહને સ્ટોન નં. ૨૦/૧પાસેથી ટોરન્ટ બાજુ સુરક્ષિત ખસેડવામાં આવેલ હતો. આમ બને વન્યપ્રાણીસિંહનેસુરક્ષિતરેલ્વેટ્રેકથીદુર ખસેડવામાંઆવેલહતાંઅનેત્યાર બાદ બાદ આ ટ્રેનનું સ્કેનીંગ કર્યા બાદ ટ્રેનને રવાના કરવામાં હતી. આમ રેલ્વે કર્મીઓની સતર્કતાના કારણે બે સિંહોને સલામતરીતે રેલ્વેટ્રેકથીદુરખસેડવામાં આવેલહતાં.

### બોટાદનાં શિક્ષક સાથે ઓનલાઈન ફ્રોડની તપાસમાં

## રાજુલાનાં બાબરીયાધારનાં વતની અને સુરત સ્થિત આરોપીની અટકાયત

### આરોપી ઘનશ્યામભાઈ કવાડનાં ૫ દિ'નાં રીમાન્ડ મંજૂર

અમરેલી, તા. ૧૯

બોટાદના વતની અને હાલ ભાવનગરના સરદાર પટેલ સંકુલના સ્ટાફ કવાર્ટર, કાળીયાબીડમાં રહેતા ચેતનભાઈ વિનોદભાઈ જોષી નામનાં શિક્ષકને અજાણ્યા આરોપીઓએ શેરબજારટ્રેડિંગનાનામેવિશ્વાસમાંલઈ કોમ્પ્યુટરસંસાધનઅથવાકોમ્યુનિકેશન સાધનની મદદથી AAFMAPP નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી રૂા.૫૩,૨૦,૦૦૦મેળવીલઈશિક્ષકને એકવાર રૂા.૮૩,૦૦૦ નું વિડ્રો આપી શિક્ષક સાથે કુલ રૂા.૫૨,૩૭,૦૦૦ નું સાયબરફ્રોડકરીરકમઅલગઅલગબેંક એકાઉન્ટમાં નાણાં મેળવી લઈ શિક્ષક સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદભાવનગરખાતેઆવેલસાયબર ક્રાઈમ પોલીસસ્ટેશનમાં નોંધાયેલહતી.

આ અંગે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનદ્વારાતપાસહાથધરીઆગુન્હામાં આરોપીઓએ ઉપયોગ કરેલ બેંક એકાઉન્ટ પૈકી એક બેક એકાઉન્ટ ધારક ઘનશ્યામભાઈ જેરામભાઈ કવાડ (રહે.હાલ ૨૦૨, સુરભી રેસીડેન્સી, માંકણાગામ, કામરેજજી.સુરત)અનેમુળ રાજુલાતાલુકાનાબાબરીયાધાર ગામના વતની મો.નં.૯૮૭૯૯૦૯૧૭૨ ને આ ગુન્હાના કામે ગઈ તા. ૧૫નારોજરાત્રે૯ વાગ્યે અટક કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટ દ્વારાઆરોપીનાદિન૫નારીમાન્ડમંજુર કરેલ છે.

## બગસરાનાં હાલરીયા ગામે જુગાર રમતા ૧૨ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૧૯

બગસરા તાલુકાના હાલરીયા ગામે રહેતા જયવંતભાઈ વલ્કુભાઈ ધાધલ, મોહનભાઈ નારણભાઈ બગડા, ઘનશ્યામભાઈ વાલાભાઈ મકવાણા, શેલારભાઈ વિસામણભાઈ ધાધલ, જયરાજભાઈ દેવકુભાઈ ધાધલ, મગનભાઈ નારણભાઈ બગડા, કાનાભાઈ ભગાભાઈ માધડ, હરેશભાઈ મનસુખભાઈ સોલંકી, ગોપાલભાઈ મનસુખભાઈ આસુંદરા, વનરાજભાઈ શેલારભાઈ ધાધલ, વિક્રમભાઈ અરવિંદભાઈ સોલંકી તથા પ્રતાપભાઈ નનકુભાઈ જેબલીયા સહિતના બારેય ઈસમો હાલરીયા ગામે જાહેરમાં પૈસા વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા હોય. આ અંગે બગસરા પોલીસને બાતમી મળતાં દરોડો પાડી તમામને રોકડ રકમ રૂપિયા ૧૦,૧૫૦ ના જુગાર લગત મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી.

### ટ્રાફિક પોલીસ અને પાલિકાને શહેર કે શહેરીજનોની કોઈ ચિંતા જ નથી

## સબ ભુમિ ગોપાલ કી : અમરેલીમાં જાહેર માર્ગ ઉપર રેંકડી લગાવો, કેબિન મુકો, વાહનપાર્ક કરો કોઈ પુછવાવાળુ જ નથી

### એલઆરડી જવાનો મોટા ભાગે મોબાઈલમાં જ વ્યસ્ત જોવા મળે છે



અમરેલી, તા. ૧૯

અમરેલી શહેર જાહેર માર્ગ ઉપર રેંકડી લગાવો, કેબિન મુકો, ઓટલા છાપરા બનાવો, માર્ગ ઉપર વાહન પાર્ક કરો કોઈ ને કોઈ પુછવાવાળુ જ નથી સબ ભુમિ ગોપાલ કી જેવો માહોલ વર્જાયો છે.

શહેરના હાર્દસમા ડો. જીવરાજ મહેતા ચોક થી લઈને બસ સ્ટેન્ડ, ટાવર ચોક સુધી તેમજ હરિરોડ, લાઈબ્રેરી રોડ, પોસ્ટ ઓફીસ રોડ, નાગનાથ બસ સ્ટેન્ડથી લઈને ચિતલ રોડ સહિત શહેરના ટ્રાફિકથી ધમધમતા વિસ્તારોમાંથી પસાર થવુ એટલે તોબા તોબા, શહેરીજનો માટે બનાવાયેલ ફુટપાથ પર પણ વ્યાપક દબાણ વધી રહયું છે અને પાલિકાને તેમજ ટ્રાફિક વિભાગમાં એલઆરડી જવાનો ની નજર સામે ટ્રાફિક થાય તો પણ તેઓ મોબાઈલમાંથી નવરા પડતા નથી.

શહેરીજનોનાં પરસેવાના પૈસાથી વેતન મેળવતા જવાનોને વિચાર આવતો નથી કે તેમના અન્નદાતા માટે માર્ગને ખુલ્લો કરાવીએ ઉચ્ચ અધિકારીઓ વાતાનુકુલિન કમેટીમાં બેઠા બેઠા ચર્ચા નિર્ણય કર્યા કરે અને ગ્રાઉન્ડ ઉપર તે નિર્ણયની કોઈ અમલવારી થતી હોય તેવુ લાગતુ નથી.

### ભાજપ અગ્રણીએ ધારાસભ્યને પત્ર પાઠવ્યો

## બાબરા : વાંકીયા ગામે આવેલ સૌની યોજનાનાં વાલ્વમાંથી પિયત માટે પાણી આપો

### ખેડૂતોનાં ઉભા પાકનાં હિતમાં નિર્ણય જરૂરી

બાબરા, તા. ૧૯

બાબરાનાં ભાજપ અગ્રણી યોગેશભાઈ ગોહિલે ધારાસભ્ય જનક તળાવીયાને પત્ર પાઠવ્યો.

પત્રમાંજણાવેલ છે કે, સૌની યોજના લીંક–૪ ખંભાળાથી કરમાળ કોટડા ડેમ તરફ જતી પાઈપ લાઈન તેનો વાલ્વ વાંકીયા ગામે આવેલો છે. જો તે વાલ્વમાંથી ખેડૂતોને પાણી આપવામાં આવે તો સુખપર, વાંકીયા, ખંભાળા ગામનાં ખેડૂતોને પાણીનો લાભ મળી શકે છે અને હાલ ચોમાસાની સીઝનનો વરસાદ આ વિસ્તારમાં ખૂબ જ ઓછો છે. ચેકડેમ, તળાવો સાવ ખાલી પડેલ છે. તો તાત્કાલીક અસરથી પાણી છોડવામાં આવે તો ખેડૂતોનો ઉભો પાક બચી શકે તેમ હોય યોગ્ય કરવા અંતમાં જણાવેલ છે.





ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















### આતંકવાદી હુમલામાં CRPF ના ઇન્સ્પેક્ટર શહીદ થયા

# જમ્મુના ઉધમપુરમાં આતંકવાદીઓનો સુરક્ષા દળોની સંયુક્ત ટુકડી પર હુમલો

## આ હુમલાની જવાબદારી પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સંગઠન જૈશ - એ - મોહમ્મદ (JEM) સાથે જોડાયેલા એક અલગ જૂથ કાશ્મીર ટાઈગર્સે લીધી

જમ્મુ, તા.૧૯

CRPF અને જમ્મુ કાશ્મીર પોલીસની SOG ટીમ પર આતંકવાદીઓએ હુમલો કર્યો, જેમાં CRPF ના એક ઈન્સ્પેક્ટર શહીદ થયા. જણાવવામાં આવી રહ્યું છે કે બસંતગઢના દૂરના ડુડુ વિસ્તારમાં બપોરે લગભગ સાડા ત્રણ વાગ્યે આતંકવાદીઓએ CRPF અને વિશેષ કાર્યવાહી જૂથ (SOG) પર ગોળીબાર કર્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું કે CRPF ની ૧૮૭મી બટાલિયનના ઈન્સ્પેક્ટર કુલદીપ સિંહને ગોળી વાગી હતી અને પછી હોસ્પિટલ લઈ જતી વખતે તેમનું મૃત્યુ થયું હતું. અધિકારીઓએ જણાવ્યું કે SOG ટીમ દ્વારા જવાબી કાર્યવાહી કર્યા બાદ આતંકવાદીઓ ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા.

આ આતંકવાદી હુમલો એવા સમયે થયો છે જ્યારે જમ્મુ કાશ્મીરમાં કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે પ્રથમ વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. પૂર્વવર્તી જમ્મુ-કાશ્મીર રાજ્યમાં છેલ્લી વખત ૨૦૧૪માં વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી. ૧૪ ઓગસ્ટે જમ્મુ-કાશ્મીરના ડોડામાં થયેલી અથડામણમાં સેનાના એક અધિકારી કેપ્ટન દીપક સિંહ શહીદ થયા હતા. આ ઘટનામાં એક નાગરિક પણ ઘાયલ થયો હતો. છેલ્લા ઘણાં દિવસોમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે કેન્દ્રશાસિત પ્રદેશમાં સતત થઈ રહેલી અથડામણો અને છુપાઈને થતા વધતા આતંકવાદી હુમલાઓ પર એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠક દિલ્હીના સાઉથ બ્લોકમાં NSA અજીત ડોભાલ અને સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી સાથે યોજાઈ હતી.

જમ્મુ વિસ્તારમાં છેલ્લા મહિનાઓમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં વધારો જોવા મળ્યો છે. જુલાઈમાં, ડોડા જિલ્લામાં એક અથડામણમાં એક અધિકારી સહિત ચાર સૈનિકો અને એક પોલીસ અધિકારીનું મૃત્યુ થયું હતું. આ હુમલાની જવાબદારી પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ (JEM) સાથે જોડાયેલા એક અલગ જૂથ 'કાશ્મીર ટાઈગર્સ'એ લીધી હતી.

૮ જુલાઈએ કઠુઆ જિલ્લાના વિકટ પહાડી વિસ્તારમાં સેનાના કાફલા પર છુપાઈને કરવામાં આવેલા હુમલામાં પાંચ સૈનિકો શહીદ થયા, જેમાં એક જુનિયર કમિશન અધિકારી પણ સામેલ હતા, જ્યારે અન્ય ઘણા ઘાયલ થયા હતા. આ ઉપરાંત, ૬ જુલાઈએ કુલગામ જિલ્લામાં બે અલગ-અલગ અથડામણો દરમિયાન સુરક્ષા દળોએ છ આતંકવાદીઓને ઠાર માર્યા. દુઃખની વાત એ છે કે આ અથડામણો દરમિયાન બે સૈનિકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા.

### રક્ષાબંધન પર અમરનાથ યાત્રા પૂર્ણ

# ૫૨ દિવસમાં ૫ લાખ ભક્તોએ બાબા બર્ફાનીના કર્યા દર્શન

## અમરનાથ યાત્રા ૨૯ જૂને શરૂ થઈ હતી અને ૫૨ દિવસ પછી કડક સુરક્ષા વચ્ચે સમાપ્ત થઈ ગઈ હતી

જમ્મુ, તા.૧૯

જમ્મુ અને કાશ્મીરમાં સોમવારે ના ૫૨ દિવસ પછી વાર્ષિક અમરનાથ યાત્રા પૂર્ણ થશે. આ વર્ષે લગભગ પાંચ લાખ શ્રદ્ધાળુઓએ હિમાલયમાં સ્થિત ગુફા મંદિરમાં બાબા બર્ફાનીના દર્શન કર્યા હતા. મહંત સ્વામી દીપેન્દ્ર ગિરી દ્વારા વહન કરવામાં આવતી છડી મુબારક આજે સવારે પંચતર્ણીથી પવિત્ર ગુફા સુધીની યાત્રાનો અંતિમ ચરણ શરૂ કર્યો હતો. આ યાત્રા ૨૯ જૂને શરૂ થઈ હતી અને ૫૨ દિવસ પછી કડક સુરક્ષા વચ્ચે સમાપ્ત થઈ રહી છે. આ યાત્રા રક્ષાબંધનના તહેવારની સાથે 'શ્રવણ પૂર્ણિમા'ના અવસરે પૂર્ણ થશે. અમરનાથ યાત્રા દેશના સૌથી મુશ્કેલ યાત્રાધામોમાંથી એક છે. દર વર્ષની જેમ આ વખતે પણ અમરનાથ યાત્રા દરમિયાન ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. વરસાદના કારણે ભૂસ્ખલનને કારણે યાત્રા રોકવી પણ પડી હતી. રસ્તામાં ફસાયેલા શ્રદ્ધાળુઓને બચાવવા માટે સેનાના હેલિકોપ્ટરની મદદ લેવામાં આવી હતી. આતંકવાદી હુમલા પણ થયા. આ દરમિયાન સામાન્ય લોકો અને સૈનિકોએ પણ જીવ ગુમાવ્યા. જો કે, આખરે આ યાત્રાનો અંત આવી રહ્યો છે. હવે આવતા વર્ષે ભક્તો બાબા બર્ફાનીના દર્શન કરી શકશે.

ભગવાન શિવના ભગવા પહેરેલા પવિત્ર 'છડી મુબારક'ને સોમવારે પરંપરાગત પૂજા અને ધાર્મિક વિધિઓ માટે અમરનાથ ગુફા મંદિરમાં લઈ જવામાં આવશે. પવિત્ર લાકડીના રખેવાળ મહંત દીપેન્દ્ર ગિરીએ જણાવ્યું કે, એક રાત રોકાયા બાદ રવિવારે સવારે 'શ્રવણ શુક્લ પક્ષ ચતુર્દશી'ના અવસરે લાકડી શેષનાગ શિબિરથી પંચતરણી શિબિર માટે રવાના થઈ હતી. તેમણે કહ્યું કે પવિત્ર લાકડીએ સાધુઓના સમૂહ સાથે ૧૪,૮૦૦ ફૂટની ઉંચાઈ પર સ્થિત મહાગુન્સ ટોપને પાર કર્યું. મહાગુન્સ ટોપ એ સ્વામી અમરનાથજીના પવિત્ર મંદિરના માર્ગમાં સૌથી ઉંચુ શિખર છે. 'શ્રવણ પૂર્ણિમા' નિમિત્તે સોમવારે સવારે છડી મુબારકને પવિત્ર ગુફામાં લઈ જવામાં આવશે અને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પરંપરાગત પૂજા અને અનુષ્ઠાન કરવામાં આવશે.

### રાજ્યની જેલોમાં સર્જાયા ભાવુક દ્રશ્યો

# બહેનોએ કેદીઓને રાખડી બાંધીને કરી રક્ષાબંધન પર્વની ઉજવણી

## જામનગરની જિલ્લા જેલમાં કેદી ભાઈઓને બહેનોએ રાખડી બાંધી અમદાવાદ સાબરમતી જેલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી

અમદાવાદ, તા.૧૯

ભાઈ-બહેનના પવિત્ર તહેવાર એવા રક્ષાબંધનનું હિંદુ ધર્મમાં ખાસ મહત્ત્વ રહેલું છે. આ તહેવાર ભાઈ- બહેનોના પ્રેમનું પ્રતિક છે. ત્યારે આજે (૧૯મી ઑગસ્ટ) રક્ષાબંધન પર્વની ઉત્સાહભેર ઉજવણી થઈ હતી. તો બીજી તરફ અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલ, સુરત લાજપોર મધ્યસ્થ જેલ, રાજકોટ મધ્યસ્થ જેલ અને વડોદરા મધ્યસ્થ જેલમાં ભાઈ બેનના પવિત્ર તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન બહેનોએ કેદીઓને રાખડી બાંધીતા જેલોમાં ભાવુક દ્રશ્યો જોવા મળ્યા હતા.

અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલમાં પણ રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી. જેલમાં બંદીવાન કેદીઓને તેમની બહેનો રાખડી બાંધી શકે તે માટે જેલ પ્રશાસન દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. વર્ષોથી જેલમાં બંધ કેદીઓને રાખડી બાંધવા માટે તેમની બહેનો જેલ પર પહોંચી ત્યારે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા.

સુરત લાજપોર મધ્યસ્થ જેલની અંદર યોજાયેલી રક્ષાબંધનના પર્વની ઉજવણી દરમિયાન ખૂબ જ લાગણીસભર અને હૃદય સ્પર્શી દ્રશ્યો સર્જાયા હતા. બહેનોએ જ્યારે ભાઈને રાખડી બાંધી ત્યારે ભાઈ અને બહેન ચોધાર આંસુએ રડી પડ્યા હતા. તો બીજી તરફ આ દ્રશ્ય જોઈને તેમ હાજર પોલીસ બહેનો પણ રડી પડી હતી.

વર્ષ ૨૦૨૩માં સુરતની લાજપોર મધ્યસ્થ જેલ દ્વારા સરકાર પાસેથી વિશેષ પરવાનગી મેળવી પ્રથમ વખત જેલમાં બંધ કેદીઓને રૂબરૂમાં મળી રક્ષાબંધનની પર્વની ઉજવણી ભાઈ બહેન કરી શકે તે પ્રકારનું આયોજન ગોઠવ્યું હતું. એવા જ પ્રકારનું આયોજન આ વર્ષે પણ કરવામાં આવ્યું હતું. જેમાં કાચા-પાકા કામના જેલમાં બંધ બંદીવાનોની બહેન દ્વારા આજે જેલની અંદર વિશેષ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી.

પોતાના બંદીવાન ભાઈને મળીને તેની કલાઈ પર બહેન જેલની અંદર રાખડી બાંધી મીઠાઈ ખવડાવી મોઢું મીઠું કરાવી પવિત્ર તહેવારની ઉજવણી કરી હતી.

જામનગરની જિલ્લા જેલમાં રક્ષાબંધનના પર્વની વિશેષ રૂપે ઉજવણી કરવામાં આવી હતી. જેલના બંદીવાન ભાઈઓ, કે જેઓ પણ પોતે રક્ષાબંધનનું પર્વ મનાવી શકે તે માટેની જેલ પરિસરમાં વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જેલના બંદીવાન ભાઈઓ કે જેના પરિવારના બહેનોને રક્ષાબંધનના પર્વ પર જેલ પરિસરમાં પ્રવેશ અપાયો હતો. તમામ બંદીવાન ભાઈઓની બહેનોએ પોતાના ભાઈને હાથમાં રાખડી બાંધી અને જલ્દીથી જેલ મુક્તિ મળે તેવી કામનાઓ કરી હતી. રાજકોટ મધ્યસ્થ જેલમાં બહેનો વહેલી સવારથી જ જેલમાં બંધ ભાઈઓને રાખડી બાધવા પહોંચી હતી. જ્યારે બહેન પોતાના ભાઈને રાખડી બાંધવા માટે પહોંચી ત્યારે તે ચૌધાર આંસુએ રડી પડી હતી. કોઈ યુવાને પોતાના બાળકને છાતીએ લગાવી વહાલ વરસાવ્યું હતુ.

વડોદરા મધ્યસ્થ જેલમાં રક્ષાબંધનના પર્વની ઉજવણી કરાઈ હતી. જ્યાં જેલમાં બંધ ભાઈઓને રાખડી બાંધવા માટે વહેલી સવારથી બહેનો જેલ ખાતે આવી પહોંચી હતી. જેલમાં સજા કાપી રહેલ પોતાના વ્હાલસોયા ભાઈઓને બહેનોએ રાખડી બાંધી હતી. આજે રક્ષાબંધનના પર્વ નિમિત્તે ૧૫૦૦ ઉપરના કેદી ઓને તેમની બહેનો એ બાંધી હતી. કર્મ સંજોગે જેલમાં આવેલા ભાઈની કલાઈ પર રાખડી બાંધતી વખતે ભાવુક દ્રશ્યો જોવા મળ્યા હતા.

### ડેન્ગ્યુથી પીડિત હતા

# કેન્દ્રીય મંત્રી જુઆલ ઓરામની પત્નીનું નિધન

## ઓડિશાની રાજધાની ભુવનેશ્વર સ્થિત અપોલો હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી હતી

ભુવનેશ્વર, તા.૧૯

કેન્દ્રીય મંત્રી જુઆલ ઓરામની પત્ની ઝિંગિયા ઓરમનું રવિવારે અવસાન થયું. તે લાંબા સમયથી ડેન્ગ્યુથી પીડિત હતી અને ઓડિશાની રાજધાની ભુવનેશ્વર સ્થિત અપોલો હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી હતી. કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી જુઅલ ઓરામ પણ ડેન્ગ્યુથી પીડિત છે. કેન્દ્રીય મંત્રી જુઆલ ઓરામના પત્ની ઝિંગિયા ઓરમનું રવિવારે અવસાન થયું. તે લાંબા સમયથી ડેન્ગ્યુથી પીડિત હતી અને ઓડિશાની રાજધાની ભુવનેશ્વર સ્થિત અપોલો હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી હતી. કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી જુઅલ ઓરામ પણ ડેન્ગ્યુથી પીડિત છે અને તેમની સારવાર ચાલી રહી છે.ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ ઝિંગિયા ઓરમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેણે કહ્યું કે આ સમાચાર સાંભળીને તે ખૂબ જ દુખી છે. સીએમ માઝીએ ઝીંગિયાને ઉમદા, મૃદુભાષી વ્યક્તિ ગણાવ્યા અને કહ્યું કે તેઓ હંમેશા સામાજિક અને સેવાકીય કાર્યોમાં રોકાયેલા છે. તેમણે વધુમાં કહ્યું કે જુઆલની લાંબી રાજકીય સફરમાં ઝીંગિયાએ મહત્વની ભૂમિકા ભજવી છે. આ ઘટનાને કારણે જુલના સંસદીય ક્ષેત્ર સુંદરગઢમાં પણ લોકો પરેશાન જોવા મળી રહ્યા છે.મળતી માહિતી મુજબ, ઝીંગિયાને ડેન્ગ્યુની બીમારી બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. લગભગ એક અઠવાડિયાથી અહીં તેની સારવાર ચાલી રહી હતી. આ ઘટના પર અન્ય ઘણા નેતાઓએ શોક વ્યક્ત કર્યો છે. જુઆલ ઓરમ ઓડિશાના રાજકારણમાં જાણીતુ નામ છે. તેઓ છઠ્ઠી વખત સાંસદ તરીકે લોકસભામાં પહોંચ્યા છે. સુંદરગઢ તેમનો ગઢ માનવામાં આવે છે, જ્યાંથી તેઓ ૧૯૯૮થી ચૂંટણી જીતી રહ્યા છે. તેઓ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની સરકારમાં કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી પણ રહી ચૂક્યા છે.

### ભાભીનું દેવું પતાવવું હતું...

# અગ્નિવીર જવાને જ્વેલરીની દુકાનમાં લૂંટ્યા ૫૦ લાખ રૂપિયા

## પોલીસના જણાવ્યા અનુસાર આ લૂંટનો મુખ્ય આરોપી અગ્નિવીર જવાન ભારતીય સેનામાં છે અને હાલમાં તે પઠાણકોટમાં પોસ્ટેડ છે

ભોપાલ, તા.૧૯

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલના બગસેવનિયા વિસ્તારમાં (૯ ઓગસ્ટ) જ્વેલરીની દુકાનમાં ૫૦ લાખ રૂપિયાથી વધુની લૂંટના કેસમાં પોલીસે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર આ લૂંટનો મુખ્ય આરોપી અગ્નવીર જવાન ભારતીય સેનામાં છે અને હાલમાં તે પઠાણકોટમાં પોસ્ટેડ છે. અધિકારીઓએ જણાવ્યું કે હાલમાં તે પોતાની બહેન અને ભાભીના ઘરે રજાઓ પર ભોપાલ આવ્યો હતો.ભોપાલના પોલીસ કમિશનર હરિનારાયણચારી મિશ્રાએ જણાવ્યું હતું કે લૂંટના માસ્ટરમાઈન્ડ આકાશ રાય અને મોહિત સિંહ બઘેલ ભાઈ-ભાભી અને સાળા હોવાનું જણાય છે. પોલીસ કમિશનરના જણાવ્યા અનુસાર, મોહિત સિંહ બઘેલ ભારતીય સેનામાં એક બહાદુર સૈનિક છે અને હાલમાં તે પઠાણકોટમાં પોસ્ટેડ છે. ભોપાલ પોલીસે સેના પાસેથી મોહિત સિંહ બઘેલ વિશે પણ માહિતી માંગી છે. અધિકારીઓનું કહેવું છે કે તેઓ આરોપીઓ વિશે તમામ માહિતીની તપાસ કરી રહ્યા છે.હકીકતમાં, ગયા મંગળવારે ભોપાલના બગસેવનિયા વિસ્તારમાં એક જ્વેલરીની દુકાનમાં બે લોકો ઘૂસી ગયા હતા અને બંદૂકની અણીએ દુકાન માલિકને લૂંટી લીધા હતા. આ દરમિયાન એક આરોપીએ દુકાનદાર પર પણ છરી વડે હુમલો કર્યો હતો આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. આ પછી બંને આરોપીઓ દુકાનમાં રાખેલા દાગીના અને રોકડની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા.પોલીસ કમિશનરે જણાવ્યું કે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોપીની ધરપકડ માટે ૫૦,૦૦૦ રૂપિયાના ઈનામની જાહેરાત કરવામાં આવી હતી. ૪ અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી. ઘટના સ્થળની ૨૦ કિલોમીટરની ત્રિજ્યામાં ૪૦૦ થી વધુ સીસીટીવી ફૂટેજ સ્કેન કરવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે CCTV ફૂટેજ પરથી એક શંકાસ્પદ યુવક મોહિત સિંહ બઘેલની ઓળખ થઈ હતી અને જ્યારે તેની કડક પૂછપરછ કરવામાં આવી ત્યારે તેણે લૂંટની વાત સ્વીકારી લીધી હતી. મોહિત સિંહ બઘેલે જણાવ્યું કે તે ભારતીય સેનામાં અગ્નવીર છે. આ દિવસોમાં તે બગસેવનિયા વિસ્તારમાં રહેતી તેની બહેન અને ભાભીના ઘરે આવ્યો હતો.પોલીસ અધિકારીઓનું કહેવુ છે કે જ્યારે મોહિતની કડક પૂછપરછ કરવામાં આવી ત્યારે તેણે કબૂલ્યું કે તેણે તેના સાળાની હાઉસ લોન ચૂકવવા અને પછી બાકીની રકમનો આનંદ માણવાના ઈરાદાથી લૂંટની યોજના બનાવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર મોહિતે રાત્રે દુકાનની રેકી કરી હતી. આ પછી લૂંટની યોજના ઘડી હતી.બંનેએ લૂંટના પૈસા અને દાગીના અલગ અલગ જગ્યાએ છુપાવી દીધા હતા. પોલીસે તે લોકોને પણ આરોપી બનાવ્યા છે, જેમની જગ્યાએ આ વસ્તુઓ રાખવામાં આવી હતી પોલીસે કુલ ૭ લોકોને આરોપી બનાવ્યા છે.

### ડ્રેગનની દાદાગીરી નહીં ચાલે

# ફિલિપાઈન્સે ચીનના જહાજને ટક્કર મારતા સુપરપાવર દેશો એલર્ટ

## દક્ષિણ ચીન સાગરમાં ઘણાં દેશો વચ્ચે વધી રહેલા પ્રાદેશિક વિવાદોમાં આ વિસ્તાર એક નવો મુદ્દો બની ગયો છે

બેઈજીંગ, તા.૧૯

દક્ષિણ ચીનમાં દાદાગીરીના ચીનના પ્રયાસો સામે હવે ઘણાં દેશોએ કમર કસી છે. હવે તેને યોગ્ય જવાબ મળવા લાગ્યો છે. ચીનના કોસ્ટ ગાર્ડે આરોપ લગાવ્યો છે કે સોમવારે વહેલી સવારે સબિના શોલ નજીક ફિલિપાઈન્સના જહાજે જાણીજોઈને ચીનના જહાજને ટક્કર મારી હતી. દક્ષિણ ચીન સાગરમાં ઘણાં દેશો વચ્ચે વધી રહેલા પ્રાદેશિક વિવાદોમાં આ વિસ્તાર એક નવો મુદ્દો બની ગયો છે. ચાઈનીઝ કોસ્ટ ગાર્ડની વેબસાઈટ પર એક નિવેદનમાં પ્રવક્તાએ કહ્યું કે, ફિલિપાઈન્સના બે કોસ્ટ ગાર્ડ જહાજો શોલની નજીકના પાણીમાં પ્રવેશ્યા, ચાઈનીઝ કોસ્ટ ગાર્ડની ચેતવણીને અવગણીને ઈરાદાપૂર્વક ચીની બોટ સાથે અથડાવી હતી. ફિલિપાઈનઅધિકારીઓએ સ્પ્રેટલી ટાપુઓમાં વિવાદિત વિસ્તારની નજીક થયેલી અથડામણ પર તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી ન હતી, જ્યાં વિયેતનામ અને તાઈવાન પણ પ્રદેશનો દાવો કરે છે. ચાઈનીઝ કોસ્ટ ગાર્ડના પ્રવક્તા ગાન યુએ કહ્યું કે, ફિલિપાઈન્સ પક્ષ અથડામણ માટે સંપૂર્ણપણે જવાબદાર છે. અમે ફિલિપાઈન્સને ચેતવણી આપીએ છીએ કે તે તેના ઉલ્લંઘનો અને ઉશ્કેરણીઓને તરત જ બંધ કરે, અન્યથા તેણે તેના કારણે ઉદ્ભવતા તમામ પરિણામો ભોગવવા પડશે. જેમાં સબિના શોલ અને તેની આસપાસના દરિયાઈ વિસ્તારોનો સમાવેશ થાય છે. સબિના શોલનું ચાઈનીઝ નામ જિયાનબીન રીફ છે. સબિના શોલ ફિલિપાઈન્સના પશ્ચિમી ટાપુ પ્રાંત પલાવનથી લગભગ ૧૪૦ કિલોમીટર પશ્ચિમમાં સ્થિત છે. ચીન અને ફિલિપાઈન્સ વચ્ચે પ્રદેશોને લઈને ચાલી રહેલા વિવાદોમાં આ એક નવો મુદ્દો બની ગયો છે. એપ્રિલમાં ફિલિપાઈન્સ કોસ્ટ ગાર્ડે તેના મુખ્ય પેટ્રોલિંગ જહાજો, BRP ટેરેસા મેગબાનુઆને સબિનામાં તહેનાત કર્યા હતા. ત્યારે ફિલિપાઈન્સના વૈજ્ઞાનિકોએ તેના છીછરા પાણીમાં કચડી કોરલના ડૂબી ગયેલા ઢગલા શોધી કાઢ્યા હતા. જેના કારણે આશંકા ઊભી થઈ હતી કે ચીન અહીં કંઈક બનાવવાની તૈયારી કરી રહ્યું છે. ચીની કોસ્ટ ગાર્ડે પણ બાદમાં સબિનામાં જહાજ તહેનાત કર્યું હતું. સબિના ફિલિપાઈન્સ દ્વારા કબજે કરેલા બીજા થોમસ શોલ નજીક સ્થિત છે. જે ગયા વર્ષથી ચાઈનીઝ અને ફિલિપાઈન્સના કોસ્ટ ગાર્ડ જહાજો અને તેમની સાથેના જહાજો વચ્ચે વધતા જતા તણાવની સાક્ષી છે. ચીન અને ફિલિપાઈન્સ વધુ સંઘર્ષને રોકવા માટે ગયા મહિને સમજૂતી પર પહોંચ્યા હતા. ફિલિપાઈન્સની નૌસેએ કરાર થયાના એક અઠવાડિયા પછી ખોરાક અને સૈનિકોને પહોંચાડ્યા. આ પછી અથડામણની કોઈ ઘટના બની ન હતી.

### ગુજરાતી પ્રવાસીઓની મિની વેકેશનની મજા બગડી

# ઉદયપુરમાં તોફાનો થતાં હોટલ બુકિંગ રદ, ટૂર પેકેજ બદલાયાં

## ઉદયપુરમાં ૧૦-૨૦ ટકા હોટલ બુકિંગ રદ કરાયા

ઉદયપુર, તા.૧૯

આ સપ્તાહમાં ૧૫મી ઓગષ્ટથી માંડીને રક્ષાબંધનની રજા હોવાથી ઘણાં પરિવારોએ મીની વેકશનની રજા ગાળવા હરવા ફરવાના સ્થળોએ ઉપડ્યાં છે. જોકે, ઉદયપુરમાં બે વિદ્યાર્થીઓ વચ્ચે છુરાબાજીની ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં તંગદીલી છવાઈ છે. એટલુ જ નહીં, તોફાનો થતાં ઉદયપુરમાં રજા માણવા ઈચ્છુક ગુજરાતીઓની રજાના રંગમાં ભંગ પડયો છે. છેલ્લી ઘડીએ હોટલ બુકિંગ રદ કરવા પડયા છે. સાથે સાથે ટુર પેકેજ બદલવા પડ્યાં છે.

ઉદયપુરમાં વિદ્યાર્થીઓ વચ્ચે છુરાબાજીની ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યાં છે. તોફાનો થતાં પોલીસ સ્થિતી પર નજર રાખી રહી છે. દરમિયાન, મીની વેકેશન માણવા માટે ગુજરાતી પ્રવાસીઓએ ઉદયપુરમાં ત્રણ દિવસ-બે રાત્રીના ટુર પેકેજ પર જવાનું પસંદ કર્યુ હતું પણ તોફાનોને પગલે ૧૦-૨૦ ટકા હોટલ બુકિંગ રદ કરાયા છે. માત્ર ઉદયપુરમાં જ વિવિધ હોટલોમાં અંદાજે ૨૦૦થી વધુ રુમ બુકિંગ કેન્સલ થયુ છે. ટુર ઓપરેટરોનું કહેવુ છેકે, ઉદયપુરમાં તંગદીલી છવાઈ છે પરિણામે ગુજરાતી પ્રવાસીઓએ હોટલ બુકિંગ રદ કરાવી કુંભલગઢ- રાણકપુર જવાનું પસંદ કર્યુ હતુ. આ ઉપરાંત ઘણાંએ તો ચિતોડગઢ પર પણ પસંદગી ઉતારી હતી. અમુક પરિવારોએ નાથદ્વારા જઈને રજાનો આનંદ માણ્યો હતો. ઉદયપુરમાં હોટલ બુકિંગ રદ થતાં નાથદ્વારામાં મોટાભાગની હોટલો હાઉસફુલ થઈ હતી. ઉદયપુરમાં તોફાનો થતાં ગુજરાતીઓની મીની વેકેશનની રજા બગડી ગઈ હતી તેનુ કારણ છેકે, ઉદયપુર ગુજરાતીઓનું હોટ ડેસ્ટિનેશન બની રહ્યુ છે. તોફાનોને પગલે ઉદયપુરમાં પણ બુકિગ રદ થતાં હોટલ સંચાલકોને આર્થિક નુકશાન ભોગવવાનો વારો આવ્યો હતો.

### ૧૮ લાખથી વધુ માઈભક્તો કરશે દર્શન

# ઊંઝામાં ઉમિયા માતાજીના મંદિરે ધજા મહોત્સવ યોજાશે

## મહોત્સવમાં ૧૮૬૮ પ્રાગટ્ય ધજાઓ અને ૧૧, ૧૧૧ ધર્મધજાઓ અર્પણ કરાશે : તારીખ ૧૨ સપ્ટેમ્બરથી ૧૮ સપ્ટેમ્બર સુધી મહોત્સવ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતના ઊંઝામાં ઉમિયા માતાજીના મંદિરે ધજા મહોત્સવ યોજાશે. જેમાં ૧૮ લાખથી વધુ માઈભક્તો દર્શન કરશે. તેમાં ૧૨ સપ્ટેમ્બરના રોજ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે શુભારંભ થશે. જેમાં ૧૮૬૮ પ્રાગટ્ય ધજાઓ અને ૧૧,૧૧૧ ધર્મધજાઓ આ પ્રસંગે અર્પણ કરાશે. રૂપિયા ૧૧૦૦ના દાન વાળી ૧૧,૧૧૧ ધજાઓ ચઢાવાશે.

દરેક મંદિર પર શિખર જોવા મળે છે અને આ શિખર પર ધજા અવશ્ય હોય છે. એક માન્યતા છે કે બ્રહ્માંડની અણુશક્તિએ શિખર દ્વારા ગર્ભ ગૃહમાં પ્રવેશે છે. જેનાથી દેવી શકિતની મૂર્તિના તેજમાં અતુલનીય વધારો થાય છે. જેથી જ ધજા અને શિખરના દર્શન માત્રથી ભક્તોના સર્વે દુઃખ દૂર થાય છે. ત્યારે ઊંઝામાં આવી પવિત્ર ધજાનો માં ઉમિયા ધજા મહોત્સવ યોજવા જઈ રહ્યો છે. પાટીદારોના કુળદેવી માં ઉમિયાના ઐતિહાસિક નિજ મંદિર એવા ઊંઝાના ૧૮૬૮ વર્ષ જૂના માં ઉમિયા મંદિરે આ વર્ષે માં ઉમિયા ધજા મહોત્સવની ભવ્ય ઉજવણી થવા જઈ રહી છે. આગામી તારીખ ૧૨ સપ્ટેમ્બરથી ૧૮ સપ્ટેમ્બર સુધી માં ઉમિયા ધજા મહોત્સવ યોજાશે. નીજ મંદિરમાં જગત જનની માં ઉમિયાના પ્રાગટ્યના ૧૮૬૮ વર્ષની ઉજવણી કરાશે.

ધજા ઉત્સવમાં વ્યક્તિગત ધાર્મિક મંડળો, મહિલા સત્સંગ મંડળો, ઉમિયા પરિવાર સંગઠનો, ધાર્મિક સંસ્થા, ગ્રામ્ય સમાજો, શહેરી સમાજો, પગપાળા સંઘો સાથે વિવિધ સંસ્થાઓ, કંપનીઓ સૌ કોઈ ધજા મહોત્સવમાં જોડાશે. ૧૨ સપ્ટેમ્બરથી ૧૮ સપ્ટેમ્બર આ કાર્યક્રમ યોજાશે, ધજા મહોત્સવ દરમ્યાન પ્રથમ દિવસે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે શુભારંભ થશે. મહોત્સવમાં ૧૮૬૮ પ્રાગટ્ય ધજાઓ અને ૧૧,૧૧૧ ધર્મધજાઓ આ પ્રસંગે અર્પણ કરવાનું આયોજન કરાયું છે. જેમાં રૂ.૫૧૦૦ દાન વાળી ૧૮૬૮ ધજાઓ ચઢાવાશે અને રૂ.૧૧૦૦ દાન વાળી ૧૧૧૧૧ ધજાઓ ચઢાવાશે . જે પૈકી મુખ્ય ૧૧ ધજાઓની ઉછામણી કરાઈ હતી, જેમાં મહત્તમ એક ધજાના ૧૮ લાખ બોલાયા હતા.

### કોલકાતા કાંડ પર ભાજપના બંગાળ સરકાર પર પ્રહાર

# ગુનેગારો સાથે ઉભી છે CM મમતા, સત્ય છુપાવવામાં આવી રહ્યું છે

## તે મહત્વના પુરાવાઓને નષ્ટ કરવા પર તત્પર છે બંગાળમાં બંધારણનો નાશ કરવામાં આવી રહ્યો છે

કોલકાતા, તા.૧૯

કોલકાતામાં એક ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના મામલામાં ભાજપે મુખ્યમંત્રી મમતા બેનર્જીનું રાજીનામું માંગ્યું છે. ભાજપે આરોપ લગાવ્યો છે કે રાજ્ય સરકાર ઘટના સાથે જોડાયેલા પુરાવાનો નાશ કરવામાં વ્યસ્ત છે. મુખ્યમંત્રી ગુનેગારોની સાથે ઉભા છે. સરકારે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા ખોરવી નાખી છે. સરકાર આ મામલાની સત્યતા છુપાવવામાં વ્યસ્ત છે. ઘટનાની તપાસ તાત્કાલિક સીબીઆઈને કેમ ન સોંપાઈ? બીજેપીના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ ભાટિયાએ કહ્યું કે મુખ્યમંત્રી આ ઘટનાને લઈને માર્ચ કાઢી રહ્યા છે, જેનો અર્થ એ છે કે સામાન્ય લોકો માને છે કે બંગાળમાં કાયદો અને વ્યવસ્થા ખતમ થઈ ગઈ છે. આવી સ્થિતિમાં તમારે તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ. વિધ્વંસક મમતા મહત્વના પુરાવાઓને નષ્ટ કરવા પર તત્પર છે અને બંધારણનો નાશ કરવા જઈ રહી છે. બધાએ તેનું નામ નિર્મમતા બેનર્જી રાખ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે પશ્ચિમ બંગાળના લોકો એક પછી એક સવાલ પૂછી રહ્યા છે. તમને કેમ પુરાવાનો નાશ કરનાર તરીકે દર્શાવવામાં આવી રહ્યા છે. ઘટનાના નિર્ણાયક ૪૮ કલાકમાં તપાસમાં વિલંબ થયો હતો. આ સરકારનો સમગ્ર પ્રયાસ પુરાવાઓને નબળા પાડવાનો હતો. તમે કહ્યું હતું કે તમે થોડા દિવસો પછી કેસ સીબીઆઈને ટ્રાન્સફર કરી દેશો. ભાજપે મમતા બેનર્જી સરકારને બે સવાલ પણ પૂછ્યા છે. પહેલો સવાલ એ છે કે આ કેસ તાત્કાલિક સીબીઆઈને કેમ ટ્રાન્સફર કરવામાં આવ્યો નહીં. બીજો પ્રશ્ન એ છે કે પશ્ચિમ બંગાળ પોલીસ તમારા આદેશ પર પીડિતાના પરિવાર સાથે કેમ ખોટું બોલી રહી હતી. તમને હોસ્પિટલમાંથી ફોન આવે છે, તમારી દીકરી બીમાર છે. ત્યારપછી જ્યારે પરિવારજનો ફોન કરે છે ત્યારે તેમને કહેવામાં આવે છે કે તમારી દીકરીએ આત્મહત્યા કરી છે. પરિવાર હોસ્પિટલ પહોંચે છે. ૪ કલાક સુધી પરિવારને મૃતદેહ બતાવવામાં આવતો નથી. આ સમયગાળા દરમિયાન ઘટના સંબંધિત કયા પુરાવાનો નાશ કરવામાં આવ્યો હતો?

### ગાંધીનગર ખાતે રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણી

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રક્ષાબંધનની ઉજવણી રાજ્યની બહેનો સાથે કરી

## મેયર મીરાંબહેન તેમજ સમાજના વિવિધ વર્ગોની બહેનોએ ભુપેન્દ્ર પટેલ ને રક્ષા કવચ રાખડી બાંધીને પ્રદાન કર્યુ હતું



ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણી રાજ્યની બહેનો સાથે કરી હતી. ભાઈ-બહેનના પવિત્ર પ્રેમની અભિવ્યક્તિના પર્વની ઉજવણી દરમિયાન મુખ્યમંત્રી સમક્ષ અમદાવાદના ભૂયંગદેવ વિસ્તારમાં સ્થિત સાધના વિનય મંદિરની વિદ્યાર્થિનીઓએ ૧૪૦ ફૂટ લાંબી રાખડી રજૂ કરી હતી. ભગવદ્ ગીતાના અઢાર અધ્યાયના અઢાર શ્લોક દર્શાવતી આ રાખડી આકર્ષણનું કેન્દ્ર બની હતી. ભાઈ બહેનના અપાર સ્નેહ અને અતૂટ લાગણીની અભિવ્યક્તિ ના પવિત્ર ઉત્સવ રક્ષાબંધન પર્વે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલને રાજ્યભરમાંથી આવેલી બહેનો માતાઓ એ રાખડી બાંધી રક્ષા કવચ પૂરું પાડ્યું હતું.

પ્રદેશ ભાજપ મહિલા મોરચ ના દીપિકા બહેનના નેતૃત્વ અને સહયોગથી વિવિધ જિલ્લાઓની માતૃ શકિત ગાંધીનગરમાં મંત્રીમંડળ નિવાસ સંકુલના કોમ્યુનિટી હોલમાં વિશાળ સંખ્યામાં મુખ્યમંત્રીને રક્ષા બંધન કરવા માટે ઉમટી હતી અને મુખ્યમંત્રી ના કાંડે રાખડી બાંધી હતી. મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા, ગાંધીનગરના ધારાસભ્ય રિટા બહેન પટેલ, મેયર મીરાં બહેન તેમજ સમાજ ના વિવિધ વર્ગોની બહેનોએ ભુપેન્દ્ર પટેલ ને રક્ષા કવચ રાખડી બાંધીને પ્રદાન કર્યું હતું.

ભૂયંગદેવની સાધના વિનય મંદિરની ૨૦ વિદ્યાર્થિનીઓ અને ૩ શિક્ષકોએ મળીને ૪૫ મીટર કાપડ, ઉનના દોરામાંથી જાતે બનાવેલા ૩૬ બુટ્ટા, ૩૦૦ નંગ ઝૂમકા, ૩૦૦ નંગ નાની રાખડી, ગુંદર વગેરે વસ્તુઓનો ઉપયોગ કરીને ૧૨ દિવસમાં આ આકર્ષક રાખડી બનાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભૂયંગદેવની સાધના વિનય મંદિરના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ દ્વારા છેલ્લાં ૧૯ વર્ષથી જુદી જુદી થીમ પર રાખડી બનાવવામાં આવે છે. અગાઉ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા 'G-20', 'કોરોના વોરિયર્સ', 'આઝાદી કા અમૃત મહોત્સવ' સહિતની જુદી જુદી થીમ પર રાખડી બનાવવામાં આવી હતી.

શાળાના ટ્રસ્ટી પંકજભાઈ પટેલ, ઈન.આચાર્ય શ્રી જગદીશભાઈ પટેલ અને નિયામક શ્રી રવીન્દ્રભાઈ પટેલે આ ભવ્ય રાખડી બનાવવા અને મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂ કરવા માટે માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### સમગ્ર રાજ્યમાં ૨૧મી ઓગસ્ટથી અભિયાન શરૂ થશે

# દેશ વ્યાપી ભાજપનું સદસ્યતા અભિયાન આગામી ૧ સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવશે

## ૧૦ કરોડથી વધુ લોકોને પોતાના સભ્ય બનાવવાનું લક્ષ્ય

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં ભાજપ સદસ્યતા અભિયાનને લઈ મહત્વના સમાચાર સામે આવ્યા છે. જેમાં BJPનું સદસ્યતા અભિયાન ૨૧ ઓગસ્ટથી શરૂ થશે. સમગ્ર રાજ્યમાં ૨૧મી ઓગસ્ટથી અભિયાન શરૂ થશે. જેમાં ૪૫ દિવસ સદસ્યતા અભિયાન ચલાવાશે. સદસ્યતા અભિયાનને લઈને ભાજપની બેઠક મળશે.

ભાજપ સદસ્યતા અભિયાનને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત ભાજપનું સદસ્યતા અભિયાન એક દિવસ બાદ શરુ થશે. ૨૧મી ઓગસ્ટથી રાજ્યભરમાં ભારતીય જનતા પાર્ટીનું સદસ્યતા અભિયાન શરૂ થશે, જે ૪૫ દિવસ સુધી ચલાવવામાં આવશે. ગાંધીનગર ખાતે સદસ્યતા અભિયાનને લઈને ભાજપની મહત્વની બેઠક મળશે અને આ બેઠકમાં તમામ ધારાસભ્યો, સાંસદો હાજર રહેશે. આ સિવાય પ્રદેશ હોદ્દેદારોની પણ બેઠક મળશે. તમને જણાવી દઈએ કે ભાજપે સદસ્યતા અભિયાન માટે કમિટીની રચના કરી છે. ભારતીય જનતા પાર્ટીએ કુલ ૬ સભ્યોની કમિટીની રચના કરી છે અને ભાજપનું આ સદસ્યતા અભિયાન રાજ્યભરમાં ૪૫ દિવસ સુધી ચાલશે અને અનેક લોકોને પાર્ટીના સભ્યો બનાવવામાં આવશે.

દેશ વ્યાપી ભાજપનું સદસ્યતા અભિયાન આગામી ૧ સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવશે. આ વખતે પાર્ટીએ ૧૦ કરોડથી વધુ લોકોને પોતાના સભ્ય બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યુ છે. ત્યારે જમ્મુ-કાશ્મીર, હરિયાણા, મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓને લઈ આ રાજ્યોમાં ચૂંટણી પૂર્ણ થયા બાદ સદસ્યતા અભિયાન ચલાવવામાં આવશે. દેશમાં કોઈપણ વ્યક્તિ ૪ રીતથી પાર્ટીનું સભ્યપદ લઈ શકે – મિસ્ડ કોલ કરીને, ક્યુઆર કોડ દ્વારા, નમો એપથી અને ભાજપની વેબસાઈટ દ્વારા.

દેશમાં કૂલ બે તબક્કામાં અભિયાન યોજાશે, જેમાં પ્રથમ તબક્કામાં આ અભિયાન ૧થી ૨૫ સપ્ટેમ્બર સુધી અને બીજા તબક્કા ૧થી ૧૫ ઓક્ટોબર સુધી ચલાવવામાં આવશે અને ત્યારબાદ પાર્ટી ૧૬ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર વચ્ચે સક્રિય સભ્યપદ અભિયાન ચલાવશે. ત્યારે ૧થી ૧૦ નવેમ્બર સુધી પ્રાથમિક અને સક્રિય સભ્યોનું સભ્યપદ રજિસ્ટર તૈયાર કરાશે.

### મુસ્લિમ સંસ્થાઓના વિરોધ વચ્ચે રજૂ કરાઈ રામમંદિરની ઝાંખી

# ન્યૂયોર્કમાં ઈન્ડિયા ડે પરેડમાં રજૂ કરાઈ રામમંદિરની ઝાંખી

## ભારતથી જોજનો દૂર અમેરિકામાં વર્ષોથી ભારતનો સ્વતંત્ર દિવસ, ઈન્ડિયા ડે પરેડના નામે ધામધૂમથી ઉજવાય છે

ન્યૂયોર્ક, તા.૧૯

ભારતના સ્વતંત્ર્ય દિવસને અનુલક્ષીને અમેરિકાના વિવિધ શહેરોમાં ઈન્ડિયા ડેના નામે પરેડનું આયોજન વર્ષોથી કરવામાં આવે છે. આ વખતે ઈન્ડિયા ડે પરેડના આયોજકો દ્વારા અયોધ્યામાં બનેલ રામ મંદિરની ઝાંકી સામેલ કરી હતી. જેની સામે મુસ્લિમ સંસ્થાઓએ ન્યૂયોર્કના મેયર અને ગવર્નરને પત્ર લખીને ઈન્ડિયા ડે પરેડમાં રામમંદિરની ઝાંખીને સામેલ કરવા સામે વિરોધ વ્યક્ત કર્યો હતો. જો કે, અમેરિકા સ્થિત હિંદુ સંગઠનોએ રામમંદિરની ઝાંખીનો વિરોધ કરનાર સંસ્થાઓનો વિરોધ કર્યો હતો.

ભારતથી જોજનો દૂર અમેરિકામાં વર્ષોથી ભારતનો સ્વતંત્ર દિવસ, ઈન્ડિયા ડે પરેડના નામે ધામધૂમથી ઉજવાય છે. આ પરેડમાં દર વર્ષે ભારતની કોઈને કોઈ ઝાંખીને સામેલ કરવામાં આવે છે. આ વર્ષે, અયોધ્યામાં રામ જન્મભૂમિ પર બનેલા ભવ્ય રામ મંદિરની ઝાંખીને ઈન્ડિય ડે પરેડમાં સામેલ કરી હતી. જો કે અમેરિકા સ્થિત કેટલાક મુસ્લિમ સંગઠનોએ ઈન્ડિયા ડે પરેડમાં સામેલ કરાયેલ રામમંદિરની ઝાંખીનો વિરોધ કર્યો હતો. આ સંદર્ભેમાં તેમણે ન્યૂયોર્કના મેયર અને ગવર્નરને પત્ર લખ્યો હતો. આ પત્રમાં મુસ્લિમ સંસ્થાઓએ ઈન્ડિયા ડે પરેડમાં રામમંદિરની ઝાંખીને પરવાનગી ના આપવા રજૂઆત કરી હતી. તેમણે લખેલા પત્રમાં જણાવ્યું હતુ કે, રામમંદિરની ઝાંખી એ મુસ્લિમ વિરોધી છે. બાબરી મસ્જિદ તોડીને બનાવેલા મંદિરનો મહિમામંડલ થઈ રહ્યો હોવાનુ જણાવ્યું હતું. અમેરિકા સ્થિત કાયદાનુ ઉલ્લંઘન થઈ રહ્યું હોવાથી ઈન્ડિયા ડે પરેડના આયોજકો સામે પગલાં ભરવા રજૂઆત કરી હતી. અમેરિકા સ્થિત વિવિધ હિંદુ સંગઠનોએ પણ, મુસ્લિમ સંસ્થાઓના વિરોધ સામે પત્ર લખીને જણાવ્યું હતું કે, રામમંદિર એ કરોડો ભારતીયોની આસ્થાનું પ્રતિક છે. તે માત્ર હિન્દુઓ જ નહી, ભારતમાં વસતા એક અબજથી વધુ હિન્દુ સહિતના અન્ય ધર્મના લોકો માટે પ્રતિક છે. વોશિંગ્ટન ડિસી સ્થિત હિંદુ એકશનના એક્ઝિક્યુટીવ ડિરેકટર ઉત્સવ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, ઈન્ડિયા ડે પરેડમાં સામેલ કરેલ રામ મંદિરની ઝાંકી એ નોર્મલ છે. ભારતના એક બિલિયન હિંદુ-બિનહિંદુનુ પ્રતિનિધિત્વ કરે છે. કેપિટલ હિલ ખાતે યોજાયેલા રામાયણ આધારિત એક્ઝિબિશનમાં મલેશિયા, ઈન્ડોનેશિયા, નેપાળ, ફિલિપાઈન્સ સહિતના દેશના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. જેમાં રામ અને રામાયણ સાથે સંકળાયેલ તમામ વિષયોને આવરી લેવાયા હતા.

વિશ્વના ૧૭ જેટલા દેશમાં રામાયણને પોતાના દેશમાં સાંસ્કૃતિક ધરોહર માનવામાં આવે છે. આ વાત જ સ્વંય સ્પષ્ટ છે કે સાચી વાત શું છે. રામમંદિરની ઝાંખીનો વિરોધ કરનારાઓએ જે મુદ્દાઓને ટાંક્યા છે તેનાથી કેટલીક ખોટી માહિતી વહેતી થઈ રહી છે. આ કોઈ કટ્ટરવાદ નથી કે કટ્ટરવાદ વિચારધારા નથી.

### ભાજપ-કોંગ્રેસ દ્વારા નારાજ કાર્યકરોને રિઝવવા પ્રયાસ

# ભાજપમાં ગયેલાંને કોંગ્રેસમાં ઘરવાપસીનું સાંસદનું આમંત્રણ

## લાલપુરમાં સાંસદ ગેનીબેન ઠાકોરે કોંગ્રેસ છોડી ગયેલા પૂર્વ કાર્યકરોને ઘરવાપસી કરવા આમંત્રણ આપ્યુ છે

અમદાવાદ, તા.૧૯

ભાજપમાં ગયેલાં કાર્યકરોને કોંગ્રેસમાં ઘરવાપસી કરવા સાંસદ ગેનીબેને જાહેર મંચ પરથી કર્યું આહવાન. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પહેલાં ગુજરાતમાં ફરી જોડ તોડ ની રાજનીતિ ગરમ. કાર્યકરોની નારાજગી દૂર કરવા પણ થઈ રહ્યો છે પ્રયાસ.

ભાજપના કાર્યકરને કોંગ્રેસમાં ઘરવાપસી કરવા સાંસદ ગેનીબેને આમંત્રણ આપ્યુ છે. બનાસકાંઠાના લાખાણીના લાલપુરમાં સાંસદ ગેનીબેન ઠાકોરે કોંગ્રેસ છોડી ગયેલા પૂર્વ કાર્યકરોને ઘરવાપસી કરવા આમંત્રણ આપ્યુ છે. ભાજપના લાખાણીના તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ મહેશ દવેને આમંત્રણ આપતા કહ્યુ કે મહેશભાઈને ઘર વાપસી કરવી હોય તો આમંત્રણ આપીએ છીએ. હું મહેશભાઈને ફરી આવકારૂં છું, જો એમની લાગણી હોય તો દિવસનો ભૂલેલો હોય તો રાતે ઘરે પાછો આવે. મહેશભાઈ દૂધમાં સાકરની જેમ ભળી જજો.

બનાસકાંઠાના લાલપુર ગામમાં સાંસદ ગેનીબેને આપ્યું ખુલ્લુ આમંત્રણ.. કોંગ્રેસ છોડીને ભાજપમાં ગયેલા કાર્યકર્તાઓને ઘરવાપસી માટે કર્યું આહ્વાહન..પેટાચૂંટણી પહેલા વાવ વિધાનસભાને મજબૂત કરવાનો પ્રયાસ. સાંસદ ગેનીબેન ઠાકોરે કાર્યકર્તાઓને આપ્યું આમંત્રણ આપ્યું છે. સાંસદ ગેનીબેન ઠાકોરે જાહેર મંચ પરથી કહ્યુંકે, કોંગ્રેસ છોડીને ભાજપમાં ગયેલા પૂર્વ કાર્યકરોએ ઘરવાપસી કરવી જોઈએ. ગેનેબેને કહ્યુંકે, લાગણી હોય તો દિવસનો ભૂલેલો હોય એ રાતે ઘરે પાછો આવે...બધા ભાઈઓએ ભેગા થઈને વાવ વિધાનસભા બેઠકને વધુ મજબૂત કરવાની જરૂર છે. લાખણીના લાલપુર ગામમાં સન્માન સમારંભ કાર્યક્રમમાં ગેનીબેનનું નિવેદન. ભાજપના લાખણી તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખને આપ્યું કોંગ્રેસમાં ઘરવાપસી માટેનું આમંત્રણ. પૂર્વ પ્રમુખ મહેશ દેવેને કોંગ્રેસમાં ઘર વાપસી કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. મહેશ દવે ૨૦૧૭માં ભાજપ છોડી કોંગ્રેસમાં ગયા હતા. ફરી ૨૦૨૩માં કોંગ્રેસ છોડી ભાજપમાં આવ્યા હતા. વાવ વિધાનસભા બેઠકને વધુ મજબૂત કરવા ઘરવાપસીનું આમંત્રણ. ભાજપના કાર્યકરને કોંગ્રેસમાં ઘરવાપસી કરવા આમંત્રણ. કોંગ્રેસમાં ઘર વાપસી અંગે મહેશ દવેએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે હું ભાજપ સાથે છું અને ભાજપ સાથે જ રહીશ. ગેનીબેનનું આમંત્રણ માથા પર રાખું છું પણ ગઈકાલનો સ્ટેજ રાજકીય સ્ટેજ ન હતો. ગૌ માતાની વાત હતી એટલે હું સ્ટેજ ઉપર ગયો હતો. હું ભાજપ સાથે છું અને અમારી સરકાર ગૌ માતા માટે છે એટલે હું સ્ટેજ પર ગયો હતો.

### હવામાન વિભાગે આગાહી કરી

# બે દિવસ બાદ રાજ્યમાં ફરી વાર થશે વરસાદની જમાવટ

## નવસારી શહેર અને જિલ્લામાં વહેલી સવારથી વાતાવરણમાં ઉકળાટ અને બફારા પછી બપોરે ગાજવીજ સાથે વરસાદ

અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી મેઘરાજાએ વિરામ લીધો છે. રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં વરસાદ જોવા મળ્યો નથી. કેટલીક જગ્યાએ જરૂર છૂટોછવાયો વરસાદ જરૂર પડ્યો છે. ગુજરાતમાં લોકો વરસાદની રાહ જોઈ રહ્યાં છે. આ વચ્ચે હવામાન વિભાગે ખુશીના સમાચાર આપ્યા છે. હવામાન વિભાગ પ્રમાણે ગુજરાતમાં ૨૧ ઓગસ્ટથી વરસાદનો નવો રાઉન્ડ આવશે. નવો રાઉન્ડ રાજ્યમાં સારો વરસાદ લાવી શકે છે. દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં રક્ષાબંધનના દિવસે મેઘરાજાએ ફરીથી એન્ટ્રી મારી છે, ત્યારે નવસારી શહેર અને જિલ્લામાં વહેલી સવારથી વાતાવરણમાં ઉકળાટ અને બફારા પછી બપોરે ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો હતો. જેમાં નવસારીના ખેરગામમાં ૨૭ મિમી વરસાદ ખાબક્યો છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે ૨૧ ઓગસ્ટથી રાજ્યમાં ફરી ભારે વરસાદની આગાહી કરી છે. આ દરમિયાન નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં યલો એલર્ટ રહેશે. અત્યાર સુધીની વાત કરવામાં આવે તો સૌરાષ્ટ્ર અને કચ્છમાં સરેરાશ કરતા વધુ વરસાદ પડ્યો છે. અત્યાર સુધી ૫૧૩ mm વરસાદ સામે ૫૩૬ mm વરસાદ નોંધાયો છે. ગુજરાતના હવામાન વિભાગના નિષ્ણાંત અંબાલાલ પટેલની આગાહી સામે આવી છે.

શ્રીલંકા પાસે એક સિસ્ટમ બનશે તેના કારણે દક્ષિણ ભારતમાં ભારે વરસાદ થવાની શક્યતા છે. ત્યારબાદ આગળ વધીને અરબી સમુદ્ર આવશે અને મજબૂત થવાની શક્યતા વર્તાઈ રહી છે. સામાન્ય રીતે આ સિસ્ટમ લો પ્રેશર કે ડિપ્રેશન સુધી જઈ શકે છે. આ સિસ્ટમ ૧૬-૧૭ ઓગસ્ટની આસપાસ શ્રીલંકા બંગાળની ખાડીમાં તે દક્ષિણ પૂર્વ અરબી સમુદ્ર તરફ આવી શકે છે. આ વરસાદી સિસ્ટમની અસર ગુજરાત પર પણ થશે. ૨૦થી ૨૫ ઓગસ્ટે ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી અંબાલાલ પટેલે કરી છે. અંબાલાલ પટેલે કહ્યું છેકે, આ દિવસો દરમિયાન મેઘરાજા ગુજરાત પર મનમુકીને વરસશે. ખાસ કરીને આગામી સપ્તાહ ગુજરાતમાં વરસાદી વાતાવરણ રહેશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા પણ કરી દેવામાં આવી છે. આગામી ૪૮ કલાક ખાસ કરીને ઉત્તર ગુજરાતના ભાગોમાં ભારે વરસાદ સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં પણ ભારે વરસાદની આગાહી છે. ત્યારબાદ વરસાદની સિસ્ટમનું જોર ઘટવાથી હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડશે.

ગુજરાતના હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે આગાહી કરી છે કે મહેસાણા, બેચરાજી, સાબરકાંઠાના ભાગે ખેડબ્રમ્હાના ભાગો અને અન્ય ભાગો સહિત આગામી ત્રણ દિવસમાં ઉત્તર ગુજરાતના ઘણા ભાગોમાં હળવાથી ભારે વરસાદી ઝાપટા પડી શકે છે. મધ્ય ગુજરાતના ભાગોમાં પણ હળવા ભારે વરસાદી ઝાપટા પડી શકે છે. અંબાલાલ પટેલે કહ્યું કે રાજ્યમાં હાલમાં જે વરસાદી ઝાપટા પડી રહ્યાં છે તે આગામી દિવસોમાં વધી શકે છે. તેમણે કહ્યું કે ૧૪ ઓગસ્ટ સુધી ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં અતિ ભારે વરસાદ થવાની શક્યતા છે. અંબાલાલ પટેલે કહ્યું કે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને કચ્છમાં પણ વરસાદ પડી શકે છે.

### NDAમાં ફરી ડખો!

# અજિત પવારની રેલીમાં ભાજપ કાર્યકરોએ જ બતાવ્યા કાળા વાવટા

## ભાજપના કાર્યકરોના એક જૂથે અજિત પવારને કાળા ઝંડા બતાવ્યા હતા



મુંબઈ, તા.૧૯

મહારાષ્ટ્રમાં ચાલી રહેલી રાજકીય ગરમાવા વચ્ચે રવિવારે એક મોટી ઘટના પ્રકાશમાં આવી હતી. ડેપ્યુટી સીએમ અજિત પવારની જન સન્માન યાત્રા દરમિયાન ભાજપના નેતાની આગેવાની હેઠળના પક્ષના કાર્યકરોએ કાળા ઝંડા બતાવ્યા હતા. જુન્નારથી ભાજપના નેતા આશા બુચકેના નેતૃત્વમાં ભાજપના કાર્યકરોના એક જૂથે ડેપ્યુટી સીએમ અજિત પવારને કાળા ઝંડા બતાવ્યા હતા.

આ ઘટના પર પ્રતિક્રિયા આપતા, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (અજિત જૂથ)એ દેવેન્દ્ર ફડણવીસને સ્પષ્ટતા કરવાની માંગ કરી કે શું તેઓ તેમના ભાજપના કાર્યકરોના વર્તન સાથે સંમત છે કે નહીં.

ભાજપના નેતા આશા બુચકે દાવો કર્યો હતો કે, 'એનસીપી (અજિત જૂથ) આગામી વિધાનસભા ચૂંટણી માટે જુન્નાર બેઠક પર પોતાનો ઉમેદવાર ઉતારવાનો પ્રયાસ કરી રહી છે. તે અમારું ગળું દબાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેથી અમે આક્રમક વલણ અપનાવ્યું છે.'

જુન્નાર વિધાનસભા ક્ષેત્રનું પ્રતિનિધિત્વ દ્રઝૅ ધારાસભ્ય અતુલ બેનકે કરે છે. ભાજપે આરોપ લગાવ્યો છે કે, અજિત પવાર અતુલ બેનકેને પ્રોત્સાહન કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. નોંધનીય છે કે, આશા બુચકે અગાઉ શિવસેનામાં હતા અને બે વખત વિધાનસભાની ચૂંટણી લડી ચૂક્યા છે, પરંતુ હારનો સામનો કરવો પડ્યો હતો. તે હવે જુન્નારથી વિધાનસભા ચૂંટણીની ટિકિટની આશા રાખી રહ્યા છે.

બીજી તરફ એનસીપી (અજિત જૂથ)ના પ્રવક્તા અમોલ મિટકરીએ કહ્યું કે, 'જન સન્માન યાત્રા અમારી પાર્ટીનો સ્વતંત્ર કાર્યક્રમ છે. જે લોકો કાળા ઝંડા બતાવી રહ્યા છે તેઓએ અલગ કાર્યક્રમ યોજવો જોઈએ. અમે દેવેન્દ્ર ફડણવીસ પાસેથી તેમના પક્ષના કાર્યકરોના આ વર્તન અંગે ખુલાસો માંગીએ છીએ.

### કોંગ્રેસ નેતાના વિવાદાસ્પદ નિવેદનથી હોબાળો

# શેખ હસીનાની જેમ કર્ણાટકના રાજ્યપાલે પણ ભાગવું પડશે

## કોંગ્રેસના MLCએ ઈવાન ડિસોઝાએ બાંગ્લાદેશને ટાંકીને કહ્યું કે, શેખ હસીનાએ પોતાનું પદ અને દેશ છોડવો પડ્યો છે

બેંગલુરુ, તા.૧૯

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામે રેંઢછ કેસની તપાસના આદેશ પછી કોંગ્રેસના કાર્યકરો, નેતાઓ અને ધારાસભ્ય, રાજ્યપાલ થાવરચંદ ગેહલોત વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરી રહ્યાં છે. આ દરમિયાન પાર્ટીના એક વિધાન પરિષદના સભ્યએ (MLC) ચેતવણી આપી છે કે, 'જો રાજ્યપાલ તેમનો આદેશ પાછો નહીં ખેંચે તો શેખ હસીનાની જેમ કર્ણાટકમાંથી ભાગી જવું પડશે.'

કોંગ્રેસના MLCએ ઈવાન ડિસોઝાએ બાંગ્લાદેશને ટાંકીને કહ્યું કે, 'જ્યાં PM શેખ હસીનાએ પોતાનું પદ અને દેશ છોડવો પડ્યો છે. હવે વિરોધ પ્રદર્શન માટે સીધા રાજ્યપાલ ઓફિસ જઈશું. જેમ બાંગ્લાદેશમાં પ્રદર્શનકારીઓ PM હાઉસમાં ઘૂસી ગયા હતા, ત્યારે પીએમને પોતાનું ઘર, પોસ્ટ અને દેશ છોડવાનો વારો આવ્યો હતો.'રાજ્યપાલે કથિત જમીન કૌભાંડને લઈને મુખ્યમંત્રી સામે તપાસના આદેશ કર્યા હતા. કોંગ્રેસના MLCએ કહ્યું હતું કે, 'જો રાજ્યપાલે આદેશ પાછો ન ખેંચ્યો અને રાષ્ટ્રપતિએ તેમને આદેશ પાછો ખેંચવા ન કીધું તો બાંગ્લાદેશની જેવી જ હાલત થશે, જ્યાં પ્રધાનમંત્રીને દેશ છોડવાનો વારો આવ્યો હતો અને અહીંયા કર્ણાટકમાં રાજ્યપાલને ભાગવું પડશે. જ્યારે હવે આગામી વિરોધ પ્રદર્શન રાજ્યપાલ ઓફિસ ખાતે કરવામાં આવશે.'

મૈસુર શહેરી વિકાસ સત્તામંડળને (MUDA) લઈને આરોપ છે કે, કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની પત્ની પાર્વતી તેના અવિકસિત લેન્ડ-પીસના બદલામાં ૧૪ લેન્ડ-પીસ ફાળવવામાં આવી હતી, જેને લઈને સત્તાધિકારી દ્વારા હસ્તગત કરવામાં આવ્યું હતું. આ વિવાદને લઈને મુખ્યમંત્રી પર ભ્રષ્ટાચાર અને સત્તાનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. મળતી માહિતી પ્રમાણે, આશરે ૪૦૦૦-૫૦૦૦ કરોડનું મુડા જમીન કૌભાંડ થયું છે. રાજ્યપાલ થાવરચંદ ગેહલોત દ્વારા કરવામાં આવેલા તપાસના આદેશ સામે સિદ્ધારમૈયાએ હાઈકોર્ટમાં પડકાર્ય કર્યો છે.એક રીટ અરજીમાં તેમણે તપાસના આદેશ રદ કરવાની માંગ કરતાં કહ્યું હતું કે, 'આ નિર્ણય રાજકીય રીતે પ્રેરિત અને અન્યાયી છે. મારા ૪૦ વર્ષના રાજકીય કરિયરમાં ભ્રષ્ટ્રાચારનો કોઈ ઈતિહાસ નથી'

# લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા અંધશાળામાં યોજાયેલ રક્ષાબંધન કાર્યક્રમ



લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા અંધજન તાલીમ કેન્દ્ર (અંધશાળા)માં પ્રજ્ઞાચક્ષુ ભાઈઓને આજના શ્રાવણી પૂર્ણિમાના પવિત્ર પર્વ રક્ષાબંધન નિમિતે રક્ષા અર્પણ કરવાનો એક કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ હતો. લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના બહેનોએ ભકિત પ્રધાન ભાઈ બહેનોના પવિછત્ર રક્ષાબંધન ઉત્સવે રક્ષા અર્પણ કરી પ્રસંગનું મહત્વ સમજાવેલ અને પ્રજ્ઞાચક્ષુ ભાઈઓની સુખ, શાંતિ અને દીર્ધાયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. આ કાર્યક્રમમાં લાયન લેડીઝ શ્રીમતી રેખાબેન એમ. પટેલ, શ્રીમતી ભારતીબેન એમ. પટેલ, શ્રીમતી મીન્ટુબેન કે. શિરોયા, શ્રીમતી યામીનીબેન એ સંપટ, શ્રીમતી ફરીદાબેન આફ્કિાવાલા, શ્રીમતી ભાવિકાબેન એ. ડોડીયા, શ્રીમતી હિરલબેન કાથરોટીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. સમારંભના પ્રારંભે અંધજન તાલીમ કેન્દ્રના સેક્રેટરી દિલીપભાઈ પરીખે શાબ્દિક સ્વાગત કરેલ હતું. ત્યારબાદ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના પૂર્વ પ્રમુખ લાયન પ્રા. એમ. એમ. પટેલ તથા શ્રીમતી હિરલબેન કાથરોટીયાના પ્રાસંગીક ઉદબોધનમાં રક્ષાબંધન એટલે દ્રષ્ટિ પરિવર્તન તેમજ ભાઈ બહેનના પરસ્પરના પ્રેરક, પોષક અને પુરક સંબંધો સમજાવી ભારતીય સંસ્કૃતિમાં પ્રેમ બંધન રુપી રક્ષાબંધનની અગત્યતા સમજાવેલ તેમજ પ્રજ્ઞાચક્ષુ ભાઈઓમાં રહેલ આંતરિક ગુણોનો વધુમાં વધુ વિકાસ થાય તેવી શુભેચ્છા પાઠવી હતી. સમારંભની આભારવિધિ અંધજન તાલીમ કેન્દ્રના સંચાલક આર. એચ. સાધુએ કરેલ હતી. પ્રજ્ઞાચક્ષુ ભાઈઓએ ભાઈ–બેનના પ્રેમ અને લાગણી દર્શાવતા ગીતો રજૂ કરેલ હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના લાયન એમ.એમ. પટેલ, લાયન મહેશભાઈ એમ. પટેલ, લાયન રમેશભાઈ ગોલ, લાયન અશ્વિનભાઈ ડોડીયા, લાયન કિશોરભાઈ શિરોયા, લાયન મુસ્તફા આફ્કિાવાલા, લાયન બિમલભાઈ રામદેવપુત્રા, લાયન રમેશભાઈ કાથરોટીયા, લાયન રૂજુલભાઈ ગોંડીયા, લાયન રિધિશભાઈ નાકરાણી, રાજુભાઈ સરખેદી તેમજ અંધજન તાલીમ કેન્દ્રના અશ્વિનભાઈ સેલડીયા વગેરે જહેમત ઉઠાવેલ હતી તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના પ્રમુખ મનોજભાઈ કાનાણી દ્વારા જણાવેલ છે.

### દાતાઓના સહયોગથી

## અમરાપુર ખાતે તાજેતરમાં બિસ્માર બનેલ ચેકડેમનાં પાળાનુ રીપેરીંગ કરાયું

### આગેવાનોએ "એક પેડ મા કે નામ " અંતર્ગત વૃક્ષારોપણ કર્યુ

કુંકાવાવ, તા. ૧૯

અમરાપુર ખાતે તાજેતરમાં ભારે વરસાદના કારણે ચેકડેમના પાળાનું ધોવાણ થયું હતું. જેથી આ બાબતે ગામના આગેવાનોએ દાતાશ્રી માવજીભાઈ ભીમાણી તથા પરસોતમભાઈ ગેવરીયાને જાણ કરતા બન્ને દાતાએ આ ચેક ડેમનું કામ તાત્કાલીક કરીને ચેકડેમનું પાણી સુરક્ષીત કરવા તમામ ખર્ચ આપવાની તૈયારી બતાજતા આજ રોજ આગેવાનોની હાજરીમાં વીસાળ ચેકડેમના પાળાને મજબુત રીતે રીપેરીંગ કરવામાં ચાલુ હતું જયારે ગામના આગેવાનો દ્વારા આ ચેકડેમની સાઈડ ઉપર એક પેડ મા કે નામના



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

અભીયાન અંતર્ગત તમામ આગેવાનોએ વૃક્ષોનું વાવેતર કર્યુ હતું. આમ જાણી અને પર્યારવણ અને શીક્ષણ કાર્ય માટે ગામના ઉદ્યોગ પણ અને દાતા દ્વારા જયારે જરૂર પડે ત્યારે તન મન અને ધનથી ગામના સારા કાર્યમાં દાનની સરવાણી વહાવતા બન્ને દાતાની ગામના આગેવાનીએ આભાર માન્યો હતો.

## અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ૭૮માં સ્વાતંત્રય દિવસની ઉજવણી



અમરેલી, તા. ૧૯

અમરેલી જીલ્લામાં નિવાસ અને શિક્ષણક્ષેત્રે સદા અગ્રેસર શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ૭૮માં સ્વાતંત્ર દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી આ પ્રસંગે ધ્વજવંદન સંચાલક વિલાસબેન તથા સ્ટાફ હસ્તે કરવામાં આવ્યું ધ્વજવંદન બાદ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા. તેમજ શાળાના સંચાલક દીપકભાઈ વધાસિયા દ્વારા વિદ્યાર્થીઓને ૧૫ ઓગસ્ટનું મહત્વ પ્રાસંગિક ઉદબોધન વાત રજુ કરવામાં આવી. વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધામાં લીધેલ ભાગ નિમીતે પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હેમાદ્રીબેન જોશી દ્વારા કરવામાં આવ્યું હતું.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનો એક માત્ર ''ટાઉનહોલ''**

પાલિકા ધ્વારા કરવામાં આવ્યું હતું.

બાદમાં થોડા વર્ષો ''ટાઉન હોલ''નો લાભ શહેરીજનોને મળ્યા બાદ લાખો રૂપિયાની સાઉનડ સિસ્ટની ચોરી થઈ જેનું રહસ્ય અકબંધ છે. બાદમાં ક્રમશઃ જાળવણીનાં અભાવે ટાઉન હોલની હાલત બગડી અને ૨ વર્ષથી તો ''ટાઉન હોલ''ને તાળા લાગી ગયા અને ટાઉન હોલનાં દરવાજા નજીક ગંદકી અને રખડતા પશુઓ અડિંગો જમાવીને બેઠેલ જોવા મળે છે.

ટાઉન હોલ નજીકથી જિલ્લાનાં દિગ્ગજ નેતાઓની અવરજવર હોવા છતાં પણ એકપણ રાજકીય આગેવાનની નજર ''ટાઉનહોલ'' તરફ જતી નથી કે તેઓ ''ટાઉન હોલ'' સામે આંખ મિચામણા કરે છે તે સમજાતું નથી.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી નાગરિક સહકારી બેન્ક લી.**

બેંકના પુર્વ ચેરમેન પી.પી. સોજીત્રાની દેખરેખ નીચે બેંકનાં રીકવરી ઓફિસર અજય નાકરાણી અને તેમની ટીમે સતત ૨૨ માં વર્ષે પણ બેંકનું નેટ એન.પી.એ. ૦% અને ગ્રોસ એન.પી.એ. ૨.૫૪% જાળવેલ છે. બેંક દ્વારા આઈસીઆસીઆઈ બેંક લી. ની સાથે ટાઈઅપ કરી RuPay પ્લેટફોર્મ દ્વારા ATM cum Debit ની સેવા ચાલુ છે. બેંકનું એટીએમ કાર્ડ ભારતભરનાં આશરે ૨,૭૩,૦૦૦ એટીએમ સેન્ટર ખાતે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના વખતોવખતના નિયમોનુસાર માન્ય છે.

ઉપરાંત આ RuPay ATM cum Debit Card દ્વારા મોલ, પેટ્રોલપંપ, દુકાનો જેવા આશરે ૧૦,૦૦,૦૦૦ થી વધુ વેચાણ કેન્દ્રો ઉપરથી પોઈન્ટ ઓફ સેલ (PSO) મશીન પર સ્વાઈપ કરી ખરીદી કરી શકાય છે. વધુમાં બેંક દ્વારા મોબાઈલ બેંકીંગ એપ્લીકેશન દ્વારા ઓનલાઈન RTGS, NEFT, IMPS ની સેવા ચાલુ કરવામાં આવેલ છે. તેમજ એસ.એમ.એસ./મીસ્ડ કોલની સુવિધા, અદ્યતન અને અપડેટેડ વેબસાઈટ, ઈલેકટ્રોનિક ફંડ ટ્રાન્સફર, ફિકસ ડિપોઝીટ ઓટો રીન્યુઅલ, કવીક સ્ટેટમેન્ટ ઈ–મેઈલ દ્વારા મેળવવાની સુવિધા વગેરે જેવી સેવાઓ પુરી પાડવામાં આવે છે તેમજ ઈ–કોમર્સ સેવા જેવી કે (UPI, GOOGLEPAY), IMPS, ઈન્ટરનેટ બેકીંગ જેવી આધુનિક સેવાઓ કાર્યરત કરવામાં આવેલ છે. બેંકના ગ્રાહકોની સુરક્ષા માટે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા તરફથી આપેલ માર્ગદર્શન મુજબ ઓનલાઈન કરવામાં આવતા વ્યવહારો જેવા કે IMPS, UPI ના ફોડ થયાની ગ્રાહકને જાણ થાય તો તાત્કાલીક ગ્રાહક પોતાનું ખાતુ ફ્રીજ કરાવી શકશે તે માટે ગ્રાહકના રજીસ્ટર્ડ મોબાઈલ ઉપર થી STOPAC XXXXXX(ખાતા નંબરના છેલ્લા છ આંકડા) લખી ૯૦૯૩૧ ૫૧૫૧૫ ઉપર એસએમએસ મોકલવાથી થઈ જશે જે સેવાનો લાભ લેવા માટે અનુરોધ છે.

બેંક ઉપર છેલ્લા ૬૦ વર્ષથી જે સભાસદો, વેપારીઓ, ડિપોઝીટરો, ખેડૂતોએ વિસમુકેલ છે તે વિસ બેંકે સતત જાળવી રાખેલ છે. તેમજ અમરેલી નાગરિક સહકારી બેંક લી. માત્ર બેંકીંગ કામકાજ કરતી બેંક નહીં બનતા જાહેર જનતાને ઉપયોગી બેંક બની છે અને બેંકની ટીમ સમાજ પ્રત્યે કંઈક કરી છુટવાની ભાવના દર્શાવે છે. આ ભગીરથ કાર્ય માટે બેંકના ચેરમેન જયેશ નાકરાણી, વાઈસ ચેરમેન ભાવિન સોજીત્રા, મેનેજીંગ ડિરેકટર શૈલેષ સંઘાણી, બેંકના પુર્વ ચેરમેન અને ડિરેકટર પી.પી. સોજીત્રા તેમજ સમગ્ર બોર્ડ ઓફ ડિરેકટર અને બેંકના મેનેજર દિલિપ ધોરાજીયા, રીકવરી ઓફિસર અજય નાકરાણી તથા સમગ્ર સ્ટાફની કાર્યક્ષમ કામગીરીને આભારી છે.

### ગુજરાત કાઉન્સિલ સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા

## લીલીયા : ગોઢાવદરની પ્રાથમિક શાળાની ટીચર્સ ટ્રેનિંગમાં પસંદગી કરવામાં આવી

### ડિપાર્ટમેન્ટ દ્વારા શાળાને રમતોનો સેટ અર્પણ થયો

અમરેલી, તા.૧૯

ગુજરાત કાઉન્સિલ સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી તથા કલાયમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ દ્વારા આયોજિત ટીચર્સ ટ્રેનિંગમાં લીલીયા તાલુકાની ગોઢાવદર પ્રાથમિક શાળાની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ગોઢાવદર પ્રાથમિક શાળાના વિજ્ઞાન શિક્ષક ધવલભાઈ જે. જોષી આ એક દિવસીય તાલીમની અંદર હાજર રહી જુદાં જુદાં પ્રકારની વિદ્યાર્થીઓને રમાડી શકાય તેવી જુદી જુદી રમતો વિદ્યાર્થીઓની બૌદ્ધિક શક્તિ, તર્કશક્તિ, ગણનશક્તિ, વિચાર શકિત, અવલોકન શકિતને ખીલવી શકે તેવા પ્રકારની રમતો વિદ્યાર્થીઓ રમી શકે તે રમતોનો સેટ ઉપરોકત ડિપાર્ટમેન્ટ દ્વારા ગોઢાવદર પ્રાથમિક શાળાને ભેટ મળ્યો અને તે રમતોના સેટનું શાળાના



વિદ્યાર્થીઓ સમક્ષ સરપંચ, ઉપસરપંચ, શાળાના માજી આચાર્ય કરમશીભાઈ ભુવા, માજી સરપંચ વિજયભાઈ ગજેરા, વાલી મંડળના પ્રમુખ વિપુલભાઈ જોષી, પત્રકાર ભરતભાઈ વિંઝુડા, અનિલભાઈ હિરપરા, શાળાના આચાર્ય વગેરે દ્વારા ઉદઘાટન કરી ખુલ્લો મુકવામાં આવેલ હતુ. ગોઢાવદર પ્રાથમિક શાળાના શિક્ષક ધવલભાઈ જે. જોષી એ ગણિત–વિજ્ઞાન, પર્યાવરણ, આરોગ્ય વિશે સમજાવી અને આ રમતો કેવી રીતે રમવી તે વિશે ખૂબ જ સરસ રીતે વિદ્યાર્થીઓને માહિતીગાર કર્યા હતા. શાળાના આચાર્ય વર્ષાબેન જોષીએ ગુજકોષ્ટ અને કલાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ તથા બાલભવનના ડાયરેકટર નિલેશભાઈ પાઠકનો ખુબ ખુબ આભાર માન્યો હતો.

### બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા

## કુંકાવાવ ખાતે અલૌકિક રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી

### મોટી સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહ્યા



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ, તા. ૧૯

બગસરા સ્થિત બ્રહ્મકુમારી સેન્ટર દ્વારા કુંકાવાવ મુકામે મહાદેવ મંદિર (દેવળ) ખાતે દિવ્ય સતસંગમાં પરમપિતા પરમાત્માના સંદેશ સાથે જીવનશૈલી સાથે સુંદર વાતો સાથે સેન્ટરના રશિલાદીદી, નિલમદીદી દ્વારા આ સેન્ટર દ્વારા રક્ષાબંધન પર્વ નિમિતે અલૌકિક રક્ષાબંધનનો કાર્યક્રમ કરવામાં આવેલા દરેક ભાઈઓને પ્રતિક સુંદર રાખડી બાંધી પરમાત્માનું આશિર્વાદના અને રક્ષાબંધનનો સુંદર સંદેશો આપ્યો હતો. આ તકે મોટીસંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

### જાગૃત નાગરિક ભાસ્કરભાઈ પટેલની માંગ

## લીલીયામોટા : ખેડૂતોને નિલગાય, ભૂંડ અને હિંસક પ્રાણીઓનાં ત્રાસથી મુકત કરાવો

### સરકારે પ્રાણીઓની સમસ્યા અંગે ગંભીરતાથી વિચારવુ જરૂરી

લીલીયા મોટા, તા. ૧૯

ખેડૂત જગતનો તાત વે. જેના આધારે આખા જગતનો આધાર સ્તંથભ ગણાતો ખેડૂત આજે લાચાર બન્યો છે. મોંઘુ ખાતર, બિયારણ અને મજૂરી પણ મોંઘી ચૂકવીને મહા મહેનતે પાક ઉછેરીને મોટો કરવો અને રાત–દિવસ ઉજાગરા કરી આખો પરિવાર ખેતીમાં મહેનત કરે છતા આજે લાચારી અનુભવી રહ્યો છે.

રોઝ, ભૂંડ, ઝેરી જીવજંતુઓ અને હિંસક પ્રાણીઓની વચ્ચે રહીને પાક બચાવવો મુશ્કેલ વે. ઘણી વખત ઉજરેલો પાક રોઝ અને ભૂંડ ખેદાન મેદાન કરી નાખે છે. જેને માટે સરકારએ ગંભીરતા પૂર્વક વિચારણા કરી જગતના તાતને ઉપયોગી થવુ જોઈએ. ખેડૂતને વ્યકિતગત તાર ફેન્સીંગ કરવા માટે સબસીડી આપવી જોઈએ અને ખેતીમાં પકવેલા પાક માટે પોષણક્ષમ ભાવ મળવા જોઈએ. તો જ ખેડૂત આર્થિક રીતે સધ્ધર બની શકે એમ છે.

ખેડૂતની આવક વધશે તો જ દેશનું અર્થતંત્ર મજબૂત બનશે માટે ખેડૂતલક્ષી યોજનાઓ બનાવી જગતના તાતને પગભર કરવો જોઈએ. તેવી લાગણી સમગ્ર ખેડૂત સમાજવતી વ્યકત કરૂ છું. આ બાબતની જાણ આ વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને પણ કરેલ છે. આ વિસ્તારના ખેડૂત આગેવાન અને ભાજપ અગ્રણી ભાસ્કરભાઈ પટેલની યાદીમાં જણાવવામાં આવે છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીની ભાગોળે ''રિંગ રોડ''**

સૌપ્રથમ શહેરની ભાગોળ થી પસાર થતાં બાયપાસ માર્ગને ગાવડકા માર્ગ પર આવેલ રાધેશ્યામ ચોકડીથી કુંકાવાવ માર્ગ અને ત્યાંથી સાંગાડેરી થઈને નાના માચીયાળા સુધીનો બાયપાસનું નિર્માણ કરીને શહેરની ફરતે રિંગ રોડ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજકોટ, અમદાવા જેવા મહાનગરોની ફરતે જે રીતે રિંગ છે તેની જેમ જ અમરેલી ફરતે રિંગ બનવાથી જિલ્લાનાં અન્ય શહેરોમાંથી અન્ય શહેરો તરફ આવન જાવન કરતાં વાહનોને શહેરમાં પ્રવેશવાની જરૂર નહી રહે.

રાધેશ્યામ ચોકડીથી નાના માચીયાળા ચોકડી સુધી બાયપાસ જરૂરી જમીનની સંપાદનની કામગીરી પણ શરૂ થઈ રહ્યાનું જાણવા મળેલ છે. રાધેશ્યામ ચોકડીથી વરસડા ચોકડી સુધી ૩૦ વર્ષ પહેલા બનેલ બાયપાસ માર્ગનું અધુરૂ કામ આગામી પાંચથી દશ વર્ષમાં પૂર્ણ થઈ જશે.

તદુઉપરાંત નવું એરપોર્ટ, સ્પોર્ટસ સંકુલ, રીવરફ્રન્ટ, કેન્દ્રીય વિદ્યાલય, બ્રોડગેજ રેલ્વે સહિતની સુવિધાઓ પણ અમરેલીને ૧૦ વર્ષમાં મળતી થશે તેવું લાગી રહ્યું છે.

# અમરાપુર ખાતે સ્વાતંત્ર્ય દિને ત્રિવિધ કાર્યક્રમો યોજાયા



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

અમરાપુર ખાતે ૭૮માં સ્વાતંત્રય દિવસની ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં સ્વાતંત્ર દિને બી.જે. દોશી હાઈસ્કુલના પટાંગણમાં તીરંગાને સલામી આપી સવતંત્ર દિવસની ઉજવણીનાં રંગારંગ કાર્યક્રમો યોજાયા હતા બાદમાં પ્રતીભાબેન વિદ્યાર્થીઓને અભીવાદીત કરીને પુરસ્કારો અપાયા હતા જેમા બાલ વાટીકથી લઈને ધો. ૧૨ સુધીના ૧ થી ૩ નંબર પ્રાપ્ત કરનાર હોશીયાર વિદ્યાર્થીઓને પુરસ્કાર અપાયા હતા જયારે ત્રીજા કાર્યક્રમમાં શાળાના કર્મનીષ્ઠ શીક્ષક જી.એચ. સાધુ વય મર્યાદા નિવૃત થઈ રહયા હોય તેનો વિદાય સમારંભ યોજાયો હતો જેમાં બી.જે. દોશી હાઈસ્કુલના કેળવણી મંડળ દ્વારા નિવૃત થતા સાધુ ને ૨૫૦૦૦/– નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો આમ બનતી ઘટનામ હતી અને જયારે શાળાનુ પણ પોતાની સંસ્થા ગણીને નોકરી કરી હતી જેથી નિવૃત થતા શિક્ષક સાધુ પણ સંસ્થાને રૂપિયા ૨૧૦૦૦/– નો ચેક આપીને ત્રૃણ અદા કર્યુ હતુ ત્યારે આ પ્રસંગે જિલ્લા આચાર્ય સંઘ પણ ઉપસ્થિત રહયું હતુ જયારે સંસ્થાના વડા અને દાતા દોશી પરિવારના કમલેશભાઈ દોશી તથા ભરતભાઈ દોશી ખાસ મુંબઈથી આવીને નિવૃત થતા શિક્ષકની કામગીરી અને ફરજ પ્રત્યે ની નિષ્ઠાને યાદ કરીને સન્માનીત કર્યા હતા આમ જિલ્લા ભરામાંથી તેમજ કુંકાવાવ મિત્ર મંડળ તેમજ ગામના તમામ રાજકીય આગેવાનો હોદેદારો ખાસ ઉપસ્થિત રહીને નિવૃત થતા શશક સાધુની કામગીરી ફરજ કાળથી યાદ કરીને બીરદાવ્યા હતા જયારે શાળામાં જાણતા બાળકો અને સાથી શીક્ષકોએ સાધુના નિખાલસ સ્વભાવ કાર્યશૈલીને યાદ કરીને અભિનંદન સાથ નિવૃત બાદ તેમનુ જીવન નીરોગી તેમજ ખુશખુશાલ રહે તેવી શુભેચ્છાઓ આપી હતી.

# ઉનાનાં ગુપ્ત પ્રયાગ વૃધ્ધાશ્રમ ખાતે વૃધ્ધો સાથે વૃધ્ધ મહિલાઓ અને મહિલા પોલીસ દ્વારા રક્ષાબંધનની ઉજવણી






તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના.

ઉનાના દેલવાડા ગામ નજીક આવેલ ગુપ્ત પ્રયાગ વૃદ્ધાશ્રમ છેલ્લા ૧૫ વર્ષથી ચાલી રહ્યું છે. આ વૃદ્ધાશ્રમમાં ૩૦ મહિલાઓ અને ૩૦ પુરૂષો મળી કુલ ૬૦ લોકો રહે છે. જેમણે પવિત્ર રક્ષાબંધનના તહેવારની ઉજવણી કરી હતી. આ ગુપ્ત પ્રયાગ વૃદ્ધાશ્રમ ઉનાથી આઠ કિમી દૂર આવેલું છે. જેમાં વૃદ્ધોએ રક્ષાબંધનની ઉજવણી કરી હતી. બહેન-ભાઈની ઘરે જઈ રક્ષા કરવા રાખડી બાંધી રક્ષાબંધનનો પર્વ ઉજવવામાં આવે છે. ત્યારે પરિવારથી વિખુટા પડેલા અને જીવનનો અંતિમ સમય વિતાવી રહેલા વૃદ્ધાશ્રમના વડીલોએ પણ રક્ષાબંધનના પર્વને હરખભેર મનાવ્યો હતો. આ ગુપ્ત પ્રયાગ વૃદ્ધાશ્રમમાં પરિવારથી અલગ થઈ રહેતા વૃદ્ધ મહિલા અને પુરૂષો વૃદ્ધાશ્રમમાં રહીને પરંપરાગત તહેવારોની ઉજવણી કરતા હોય છે. ત્યારે ગુપ્ત પ્રયાગ વૃદ્ધાશ્રમમાં છેલ્લા ઘણા વર્ષોથી અહીં પોતાનું જીવન વિતાવી રહેલા વૃદ્ધોએ રક્ષાબંધનનો પર્વ હરખભેર મનાવ્યો હતો. રક્ષાબંધનના આ પર્વ નિમિત્તે વૃદ્ધ મહિલાઓ અને મહિલા પોલીસે વૃદ્ધ પુરૂષોને રાખડી બાંધી રક્ષાબંધન દિવસની ઉજવણી કરી હતી. તેમજ પરિવારમાંથી ઘણી બહેનો પણ ભાઈને મળવા માટે રાખડી બાંધવા માટે આવતા હોય છે. ત્યારે લાગણી ભર્યા દ્રશ્યો સર્જાતા હોય છે. રક્ષાબંધન એટલે ભાઈ અને બહેનના પ્રેમનો પર્વ પરંતુ વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધો આ પર્વ દરમિયાન પોતાના સ્નેહીજનોને યાદ કરતા હોય છે. ત્યારે આ વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધ મહિલાઓ અને મહિલા પોલીસ સ્ટાફના એ.એસ.આઈ કંચનબેન ભેડા, મહિલા પોલીસ કોન્સ્ટેબલ. ભાવિબેન બારૈયા, મહિલા પોલીસ કોન્સ્ટેબલ. કંચનબેન ગોહિલ સહિતનાઓએ ગુપ્ત પ્રયાગ વૃદ્ધાશ્રમમાં વૃદ્ધોને લલાટે કુમકુમ તિલક કરી રાખડી બાંધી મો મીઠું કરાવ્યું હતું અને આશીર્વાદ મેળવ્યા હતા.

## બાબરા : ઈંગોરાળા શાળામાં સ્વાતંત્ર દિનની ઉજવણી કરાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા તા.૧૯

શ્રી ઈંગોરાળા પ્રાથમિક શાળામાં ૭૮ માં સ્વતંત્ર દિવસની ઉજવણી શાનદાર રીતે કરવામાં આવી હતી તેમાં ધ્વજવંદન કાર્યક્રમ અને બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યા હતા તથા ગામના આગેવાનો દ્વારા બાળકોને પ્રોત્સાહન રૂપે ઈનામો પણ વિતરણ કરવામાં આવ્યા હતા. દરેક કૃતિમાં ભાગ લેનાર બાળકોને કૈલાસબેન ડેર તરફથી નોટબુક પેનનું વિતરણ કરવામાં આવ્યું હતું તથા જયેશભાઈ ડેર તરફથી મધ્યાન ભોજન માટે ચાર તપેલા નું દાન કરવામાં આવ્યું હતું. અને ગામના આગેવાન મહેશભાઈ ડેર, જયેશભાઈ ડેર, મુન્નાભાઈ જેબલિયા, બાબુભાઈ માંગરોળીયા, પ્રવીણભાઈ રાઠોડ, કાળુભાઈ સોલંકી તથા એસએમસીના સભ્યો, વાલીગણો કાર્યક્રમમાં હાજર રહ્યા હતા અને શાળાના આચાર્ય દિવ્યેશભાઈ દેવમુરારી ની તથા શાળા પરિવારના તમામ સભ્યોનો આભાર માનવામાં આવ્યો હતો

## અમરેલીનાં ફાયર ફાઈટરને વિદ્યાર્થીનીઓ દ્વારા રક્ષા કવચ



અમરેલી, તા. ૧૯

આગામી સોમવારના રોજ ભાઈ બહેનના પ્રેમના પ્રતિક એવા રક્ષાબંધનનો તહેવાર હોય ત્યારે, અમરેલી ખાતે આવેલ હીરકબાગમાં ફાયર સ્ટેશનની મુલાકાત લઈ અને કેટલીક વિદ્યાર્થીની બહેનો દ્વારા અમરેલી ફાયર વિભાગમાં ફરજ બજાવતા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ અમરેલીના જવાનો કે જે પોતાની જાન ને જોખમમાં મૂકીને લોકોની રક્ષા કાજે જે કાર્ય કરે છે એવા આ વીર જવાનોને રક્ષાનું કવચ બાંધી રક્ષાબંધનની ઉજવણી કરી હતી.

## મુર્ધન્ય કવિ હર્ષદ ચંદારાણાને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા રાજુલા ખાતે આવતીકાલે સૌરભ સાહિત્ય સંસ્થાન દ્વારા કાવ્યાંજલિ કાર્યક્રમ યોજાશે

**કવિઓ, સાહિત્યકારો ઉપસ્થિત રહેશે**




અમરેલી, તા. ૧૯

રાજુલા ખાતે મુર્ધન્ય કવિ હર્ષદ ચંદારાણાની શ્રધ્ધાંજલિ અર્પણ કરવા માટે સૌરભ સાહિત્ય સંસ્થાન-રાજુલા ધ્વારા બુધવારે સાંજે ૪:૩૦ કલાકે ''કાવ્યાંજલિ'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ તકે રોહિણીબેન ચંદારાણા, આકાશ અને જગત ચંદારાણા ઉપસ્થિત રહેશે. ગુજરાતનાં સુપ્રસિધ્ધ કવિ મનોહર ત્રિવેદી અને કૃષ્ણ દવેની નિશ્રામાં કાર્યક્રમ યોજાશે. જેમાં કવિઓ અને સાહિત્કારો ઉપસ્થિત રહેશે.

## જયશેભાઈ ખાચર મિત્ર મંડળ દ્વારા અમરેલીનાં તિજોરી અધિકારીનું આકસ્મિક નિધન થતાં કાલે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે

**આ તકે કાઠી ક્ષત્રિય સમાજ વાડી ખાતે રકતદાન કેમ્પ યોજાશે**



અમરેલી, તા. ૧૯

અમરેલીનાં અધિક તિજોરી અધિકારી જયેશભાઈ ખાચરનું નિધન થતાં તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ બુધવારે અમરેલી ખાતે કાઠી ક્ષત્રિય સમાજની વાડી ખાતે જયેશભાઈ ખુમાણ મિત્ર મંડળ ધ્વારા યોજાશે.

આ તકે રકતદાન કેમ્પ પણ યોજાશે.

### વહીવટીતંત્ર અજાણ છે કે, આંખ મિચામણા છે

## લ્યો બોલો : સાવરકુંડલાનાં હાથસણી માર્ગ ઉપર બંધ બારણે લોકમેળાની તૈયારી

**લોકમેળાની મંજુરી મળી છે કે નહી તેની તપાસ જરૂરી**



સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા ખાતે આવેલ આંખની હોસ્પિટલના ગ્રાઉન્ડમાં અચાનક ચહલપહલ જોવા મળી. સામાન્ય રીતે છેલ્લા ઘણા સમયથી આંખની હોસ્પિટલના કેમ્પસમાં અનઅધિકૃત પ્રવેશ ન કરવો એવું નોટિસ બોર્ડ હોસ્પિટલના દરવાજે લગાડેલ. આમ તો આંખની હોસ્પિટલ એક ટ્રસ્ટ સંચાલિત જગ્યા છે અને આ જગ્યા કદાચ આરોગ્ય હેતુ માટે ઉપયોગ કરવા માટે હશે.

પરંતુ અચાનક એવું તે શું બન્યું કે અચાનક આંખની હોસ્પિટલના દરવાજા ખુલી ગયા અને આંખની હોસ્પિટલના ગ્રાઉન્ડ ખાતે અચાનક એક જેસીબી અને કોઈ સામાન જોવા મળ્યો ત્યારે આ વિસ્તારમાં રહેતા રહીશોને કૌતુક અનુભવી રહ્યા છે. આમ અચાનક ખુલ જા સીમ સીમ કેમ થયું એ વિશે પણ લોકો અવઢવમાં છે. હાલ સાંભળવા મળ્યા મુજબ રાઈડ ઈન્સટોલેશનની કોઈ પણ પરમીશન વગર મેળાની મસ મોટી ક્રેઈનનો ઉપયોગ થતો જોવા મળે છે અને આસપાસના વિસ્તારમાં નિર્દોષ ભૂલકાઓ રમતાં જોવા મળે છે. હજુ થોડા સમય પહેલાં જ રાજકોટ ગેમ ઝોન ખાતે જે દુર્ઘટના બની તેના પરથી પણ વહીવટી તંત્રે કોઈ બોધપાઠ લેવો જોઈએ કે નહીં એ સવાલનો ઉત્તર લોકો પર છોડીએ કે પછી કોઈ દુર્ઘટના બનશે તો તેનું જવાબદાર કોણ રહેશે? સાવરકુંડલાના સંલગ્ન અધિકારીઓને આ બાબતની જાણ હોવા છતાં મૂક પ્રેક્ષકની માફક જોવા મળે છે. શું તંત્ર કોઈ રાજકીય દબાણ હેઠળ તો નથી'ને? કે પછી? આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર છેલ્લા બે દિવસથી આંખની હોસ્પિટલના ગ્રાઉન્ડ ખાતે મોટી મસ રાઈડોનું ઈન્સ્ટોલેશન થઈ રહ્યું છે અને તંત્ર મૂક પ્રેક્ષક બની તમાશો જોયા કરતું હોય તેવો ઘાટ સર્જાતો હોય તેવું લાગે છે. એક તરફ સરકાર ફાયર સેફટી જેવા કાર્યક્રમો અંગે જાગૃતિ ફેલાવવા પ્રયાસ કરી રહી છે. તો બીજી તરફ? પ્રસ્તુત તસવીરો ઘણું કહી જાય છે. મૂળ સવાલ શહેરના નાગરિકોની સેફટીનો પણ છે તો ખરો જ આ અંગે સાવરકુંડલાના જાગૃત નાગરિક પ્રિયંક પાંધી દ્વારા રજૂઆત કરવામાં આવી હોવા છતાં તંત્ર ચાચૂડી ઘડાવું છું એ તર્જ પર હજુ કોઈ હરકતમાં નથી આવ્યું આ સંદર્ભે શું કોઈ દુર્ઘટના બને પછી જ તંત્ર હરકતમાં આવશે.

## વાંડળીયા અને હરસુપુર દેવળીયા વચ્ચે બિરાજમાન સ્વંયભુ બિરાજમાન શ્રી હામનાથ મહાદેવ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૯

બાબરા તાલુકાના વાંડળીયા અને લાઠી તાલુકાના હરસુપુર દેવળીયા ગામની વચ્ચે સ્વયંભુ બિરાજતા હામનાથ મહાદેવ અહીં મંદિરમાં પવિત્ર શ્રાવણ માસમાં દરરોજ મોટી સંખ્યામાં ભાવિકોની ભીડ જમા થાય છે દૂધ બિલિપત્રનો અભિષેક કરી મહાવેદના આશિર્વાદ પ્રાપ્ત કરે છે. ત્યારે ૭૮માં સ્વાતંત્ર્ય પર નિમિતેખં અહીં મંદિરના પૂજારી દ્વારા હામનાથ મહાદેવને બિલીપત્ર અને ફુલોથી તિરંગાનો અનુપમ શણગાર કરવામાં આવતા ભાવિકોએ દર્શનનો લાભ મેળવ્યો હતો.


શ્રદ્ધાંજલિ



સ્વ. શાંતુબેન દાદભાઈ ધાધલ
સ્વ.તા. ૧૮/૦૮/૨૦૨૪, રવિવાર, ગામ : ઈશ્વરીયા

પરિવાર જેમનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી, પરિશ્રમ જેનુ કર્તવ્ય હતું,
પરમાર્થ જેની ભકિત હતી, ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચુકયા નહીં,
પરિવાર માટે ફુલો પાથરી ગયા, એવા પુણ્યાત્માને પ્રભુ ચિર:શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી.

ભરતભાઈ દાદભાઈ ધાધલ
તખુભાઈ દાદભાઈ ધાધલ
ભુપતભાઈ દાદભાઈ ધાધલ
રણજીતભાઈ દાદભાઈ ધાધલ
જયદીપભાઈ તખુભાઈ ધાધલ
સત્યજીતભાઈ રણજીતભાઈ ધાધલ

મુ.ઈશ્વરિયા
તા.બાબરા
જી.અમરેલી.
ઓમ પાન
બાબરા
(રણુંભાઈ)



ભાવભરી શ્રદ્ધાંજલિ



સ્વ.જયેશભાઈ ભાભલુભાઈ ખાચર
( ટ્રેઝરી ઓફીસર અમરેલી ડિસ્ટ્રીક્ટ)
સ્વ.તા. ૧૭-૦૮-૨૦૨૪, ગામ : નિલવળા

'મીઠપ વાળા માનવી જગ છોડી જાશે...
કાગા એની કાણ ઘેર ઘેર મંડાશે...'

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાનાં નિલવળા ગામનાં કાઠી ક્ષત્રિય યુવાન જયેશભાઈ ખાચર પોતાની ક્ષમતાનાં જોરે માત્ર ૨૨ વર્ષની ઉમરમાં કલાસ-૨ ટ્રેઝરી ઓફીસર અમરેલી ડિસ્ટ્રીકટનાં ઉચ્ચપદ પર બિરાજમાન થયેલ આવા તરવરીયા યુવાનનું સાવ ઓચિંતા જ ન જાણ્યુ જાનકી નાથે સવારે શું થવાનું ની જેમ નિધન થતા અમો અત્યંત આઘાત અનુભવીએ છીએ. પરંતુ ઈશ્વર ઈચ્છા બળવાન. પરમ કૃપાળુ પરમાત્મા તેઓનાં કોમળ આત્માને પોતાનાં ચરણોમાં સ્થાન આપે અને તેમના પરિવારને આ દુ:ખ સહન કરવાની શકિત અર્પે..

લી

જયદીપભાઈ કિશોરભાઈ રાવરાણી
અનિરૂદ્ધભાઈ જગુભાઈ ખાચર

HONDA મનહર હોન્ડા બાબરા, જિ. અમરેલી




### છેલ્લા ૨ વર્ષથી બંધ થયો હોય અકળ કારણોસર પુનઃ શરૂ થતો નથી

# અમરેલીનો એક માત્ર ''ટાઉનહોલ'' શોભાનાં ગાંઠીયા સમાન

**એકાદ દાયકા પહેલા લાખો રૂપિયાની સાઉન્ડ સિસ્ટમ ચોરી થયા બાદ તેનો કોઈ પતો નથી**

**શહેરમાં ટાઉનહોલનાં અભાવે સાંસ્કૃતિક કે મ્યુઝીકલ કાર્યક્રમોનું આયોજન કોઈ સંસ્થા કરતી નથી**

**શહેરીજનોને મનોરંજન મળી રહે તે માટે સરકાર તરફથી કોઈ કાર્યવાહી થતી નથી**

**શહેરીજનોમાં ટાઉનહોલની માંગ વર્ષો જુની યથાવત જોવા મળી રહી છે**


ફાઈલ તસ્વીર

અમરેલી, તા. ૧૯

અમરેલીએ જિલ્લાનું મુખ્ય મથક છે. શહેરની જનસંખ્યા દોઢ લાખ આસપાસ પહોંચી છે. મોટાભાગનાં શહેરીજનોને નાટક મ્યુઝિક પાર્ટી, કવિ સંમેલન, મોટીવેશનલ સહિતનાં કાર્યક્રમો પસંદ છે પરંતુ શહેરમાં સમખાવા માટે બનાવાયેલ ટાઉન હોલ છેલ્લા ૨ વર્ષથી બંધ હોવાથી સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કોઈ સંસ્થા કરતી નથી.

અમરેલીનાં શહેરીજનોની દાયકાઓની માંગને અંતે એકાદ દાયકા પહેલા શહેરમાં ખાદી ભવન સામે સુવિધાસભર ટાઉનહોલનું નિર્માણ

અનુસંધાન પાના ૬ ઉપર




### લેન્ડ ગ્રેબિંગ એક્ટની અરજીની તપાસમાં હકીકત ખુલતા

# બગસરાનાં માણેકવાડા ગામે સરકારી જમીન ઉપર થયેલ દબાણને દૂર કરવામાં આવ્યું

**કલેકટરનાં આદેશથી મામલતદાર દ્વારા દબાણ હટાવવાની કામગીરી કરાઈ**


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૯

બગસરાના માણેકવાડા ગામમાં સરકારી જમીનમાં દબાણ કરવામાં આવેલ હોવાથી જાહેર રસ્તો ખુલ્લો કરવા માટે અરજી ૨૦૨૪માં કરેલી હોવાના પગલે કલેકટર દ્વારા આ જમીન ઉપર જે કાંઈ દબાણ કરેલ હોય તે તા. ૧૫/૮/૨૦૨૪ સુધીમાં દૂર કરવા આદેશ કરવામાં આવેલ હતો. જેના અનુસંધાને મામલતદાર તેમજ પોલીસ સ્ટાફ તેમજ સરકારી તંત્રને સાથે રાખી માણેકવાડા ગામમાં દબાણ કરેલી જગ્યામાં ડીમોલેશન કરવામાં આવ્યું હતું. જોકે આ બાબતે સામા પક્ષે અરવિંદભાઈ વાલજીભાઈ પટોળિયાએ જાહેર રસ્તા ઉપર મકાન બનાવી લીધેલું હોવાથી તે જાહેર રસ્તાને ખુલ્લો કરવા અરજી કરવામાં આવેલી હતી. જેના અનુસંધાને ડીએલઆર દ્વારા ૨૦૨૨ માં વિવાદિત સ્થળની માપણી કરવામાં આવેલી હતી જે દબાણ કરેલું હોવાનું સાબિત પણ કરેલું હતું. જેથી અરજદાર દ્વારા ૭ નોટિસ આપવા છતાં બિન અધિકૃત દબાણ દૂર કરવામાં ના આવતું હોવાથી મામલતદાર તેમજ તાલુકા વિકાસ અધિકારીની હાજરીમાં જાહેર રસ્તાને ખુલ્લો કરવા માટે દબાણ કરેલ જગ્યા ખાલી કરવામાં આવેલ હતી. મામલતદાર તથા પોલીસ દ્વારા કલેકટરના આદેશને પગલે માણેકવાડામાં ગેરકાયદેસર બાંધકામને તોડી પાડવામાં આવ્યું હતું.










*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)